Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૧૧• તા. ૧૪ માર્ચ થી ૨૦ માર્ચ ૧૫ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## મુંબઇ મહાજનશ્રી અને શ્રી અનંતનાથજી ટ્રસ્ટે જ્ઞાતિ ગૌરવને ઉજાગર કર્યું



તસવીર સૌજન્ય : શ્રી નીતિન ધનપતિ કાયાણી

### PILLAR OF HISTORY RESTORED

દોઢ સદી પૂર્વે, મુંબઈ સમસ્ત પર વ્યાપારિક, ધાર્મિક, સામાજિક અને શ્રીમંતાઇના ઉત્તુંગ શિખરે બીરાજનાર જ્ઞાતિશ્રેષ્ઠી **શેઠ શ્રી કેશવજી નાયકે** ઇસવી સન ૧૮૭૬માં, મસ્જિદ બંદર - ભાત બજારમાં નિર્માણ કરેલ અને મુંબઇ શહેરના સાંસ્કૃતિક વારસા (HERITAGE) સમાન પ્યાઉ અને ફુવારાના સ્થાપત્યનું શ્રી અનંતનાથજી ટ્રસ્ટે આશરે રૂ.૩૬ લાખના ખર્ચે કરાવેલ નવ સંસ્કરણ (RESTORATION), મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસે તા. ૮ માર્ચ ૨૦૧૫ ના જ્ઞાતિ જનો અને કચ્છી -જૈન સમાજોના આગેવાનોની વિશાળ હાજરીમાં ઉદ્દ્ઘાટન કર્યું.

જ્ઞાતિ અસ્મિતાને યશકલગી અપાવતા આ ઐતિહાસિક અવસરની અને શ્રી અનંતનાથજી દેરાસરજીમાં મૂળનાયક પ્રભુના ગર્ભગૃહના નવા ચાંદીના દરવાજાના ઉદ્દ્ઘાટન તેમજ અનંતનાથજી દેરાસરમાં વસતી પત્રક સમિતિના કાર્યાલય માટે અપાયેલ જગ્યા ના ઉદ્દ્ઘાટન પ્રસંગોની તસવીરી ઝલક. (તસવીરો સૌજન્ય : મુંબઈ મહાજનશ્રી અનેશ્રી અનંતનાથજી ટ્રસ્ટ)




1



2



3




4



5



6



7 8



9




10



11



12



13



14



15



16

૧ ) મુખ્ય પ્રવેશ દ્વારે એક દ્રુશ્યપટ (૨) મુખ્ય પ્રધાન : અનંતનાથજી પ્રભુના દર્શન (સાથે ચાંદીનો દરવાજો) ૩) મુખ્ય પ્રધાનનું સ્વાગત (૪) યતિવર્ય : માંગલિક શ્રવણ (૫) ફુવારા સન્મુખે મુખ્ય પ્રધાન - મહાજન પ્રમુખ શ્રી જનમેદનીનું અભિવાદન કરે છે. સાથે રાજેશ છેડા, સમીર નાગડા (૬) ફુવારો : નવસંસ્કરણની તકતીનું અનાવરણ (૭,૮,૯) મહાજન મંત્રી ચેતન મોતા દ્વારા મુખ્ય પ્રધાનને પ્યાઉનો પ્રથમ જળ પ્યાલો ધરાવી તેમને અને મહાજન પ્રમુખ ને અનુપાન, (૧૦) અનંતનાથજી ટ્રસ્ટના વર્તમાન ટ્રસ્ટીઓ અને મહાજન અધિકારીઓ (૧૧) શેઠ કેશવજી નાયકની ૭મી પેઢીના વંશજ દિનેશ નાયક જેઠાભાઇ, સૌ. પુષ્પા વિજય નાયક અને સૌ. મૃદુલા દિનેશ નાયકનું સન્માન મહાજન પ્રમુખ-ટ્રસ્ટી : લોપા. નાગડા (૧૨) દેરાસરજીમાં પરંપરાગત વસ્ત્ર પરિધાનમાં જ્ઞાતિ મહિલાઓ (૧૩) દેરાસરના મુખ્ય દ્વારે પ્રમુખ શ્રી (સજોડે) સહકાર્યકરો સાથે (૧૪) મુખ્ય પ્રધાનશ્રીનું મહાજન પ્રમુખ દ્વારા કચ્છી પાઘડી-શાલથી સન્માન (૧૫) મુખ્ય પ્રધાન દ્વારા મહાજન પ્રમુખનું કચ્છી પાઘડી પરિધારણ (૧૬) વસતી પત્રક સમિતિને કાર્યાલય ફાળવણી : પ્રમુખ શ્રી, સમિતિ સભ્ય રમેશ મોતા, વસંત વિકમશી, રાયચંદ નાગડા



# પ્રથમ પુણ્યતિથીએ ભાવભરી સ્મરણાંજલી

## કુમાર ધવલ
## મયુર મોતીલાલ લોડાયા

(ગામ મોટીખાવડી - હાલ ઘાટકોપર)

જન્મ :
તા. ૧૦-૪-૧૯૯૬

અરીહંત શરણ :
તા. ૨૦-૩-૨૦૧૪

તારી અણધારી વિદાયને હૈયું હજુ માનતુ નથી,
હૃદયમાં વાસ તારો ક્ષણભર વિસરાતો નથી,
તારો હસતો ચહેરો અને ભોળપણ ભુલાતુ નથી,
ભવસાગરના આ મેળામાં લોકો જન્મે ને વિરમે
પણ અમુક ખાસ કદી ના વિસરાય

આંખો હજી નિહાળે છે તને, અંતર હજુ પોકારે છે તને,
સ્મરણ તારું થાય છે અમને, મન મૂકીને રડાવે છે અમને,

હેત - પ્રીત - આદર - મમતાથી સંબંધો જાળવી
સંસાર યાત્રામાં પોતાનો સૂર સર્જી
આયુષ્યના અંત સુધી જીવનસંગીત મધૂર બનાવી
ધવલ, તું તો ગયો ચાલી........ને અમે તો રહ્યા ખાલીના ખાલી

ઉષ્માથી યુક્ત, ભાવની ભીનાશનો મહાસાગર રચી
હૃદયકમળના સ્મૃતિપટ પર પ્રેમની છબી અંકિત કરી
ધવલ, તું તો ગયો ચાલી .......ને અમે તો રહ્યા ખાલીના ખાલી

**જીવન એવું જીવી ગયો, તું સહુનાં દિલમાં વસી ગયો**

**પરમકૃપાળુ પરમાત્મા તારા દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના !**

લિ. તને હરપળ યાદ કરનાર તારા સ્વજનો
માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા પરિવાર
માતુશ્રી સુમિત્રાબેન દિનેશભાઇ ત્રંબકલાલ ગાંધી પરિવાર
માતુશ્રી સોનબાઇ દામજી લખમશી માલદે પરિવાર

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 11/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# મુંબઇ મહાજન શ્રી અને અનંતનાથજી ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ જ્ઞાતિ અસ્મિતાને ઉર્ધ્વસ્થ કરતો ''શેઠ કેશવજી નાયક ફુવારા''ના સ્થાપત્યના નવસંસ્કરણનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ

રવિવાર ૮ માર્ચ ૨૦૧૫ના મુંબઈના મસ્જિદબંદર નજીક ભાતબજાર વિસ્તારમાં સમસ્ત જ્ઞાતિજનોમાં વ્યાપ્ત ઉત્સાહ અને ઉમંગની છોળોની સાથોસાથ ગૌરવની લહેરખીઓ અને ધબકારા જોવાનો અવસર જામ્યો હતો. ભાતબજારમાં ૧૩૯ વર્ષથી અડીખમપણે સ્થિત શેઠ શ્રી કેશવજી નાયક "ફુવારા" અને 'પ્યાઉ'નું અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજનશ્રીએ તેનું નવ સંસ્કરણ કરાવી સ્થાપત્ય કળાના વારસારૂપ (Heritage) સ્મારકને શેઠશ્રીના સાતમી પેઢીના વંશજ શ્રી દિનેશ નાયક જેઠાભાઈ અને તેમના ધર્મપત્ની સૌ.મૃદુલા અને શ્રીમતી પુષ્પા વિજય નાયકની ઉપસ્થિતિમાં અને જૈન સમાજ, આપણી અને વિશા જ્ઞાતિઓના અગ્રગણ્ય મહાનુભાવો, ટોચના રાજકીય આગેવાનો અને જ્ઞાતિની વિશાળ મેદની વચ્ચે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસના હસ્તે ઉદ્‌ઘાટન કરવાના આ પ્રસંગે જ્ઞાતિની અસ્મિતાના અને સંસ્કારિતાની ઠેર ઠેર લહેરો જોવા મળી હતી. ભાતબજારના આ ફુવારા પરિસરથી અનંતનાથજી દેરસરની સામી બાજુમાં નરશી નાથા સ્ટ્રીટના અંત સુધી જ્ઞાતિ મહેરામણ ઉમટયો હતો. જ્ઞાતિ બહેનોએ પરંપરાગત ખોંભા અને બાંધણીનાં પરિધાન કરી, ભાતબજારમાં લગભગ બે સદીઓથી વસેલી આપણી જ્ઞાતિની પૂર્વજ મહિલાઓ-દાદી પરદાદી, નાની પરનાની, માસી-મામી-ફોઈઓ અને તેમની માતાઓની સ્મૃતિઓને ઝંકૃત કરતા સંવેદનો જગાડયા હતા.

આ પ્રસંગે મુંબઈ મહાજનશ્રીના ભૂતપૂર્વ પ્રમુખો શ્રી શાંતિલાલ મુલજી શિયાડ અને નિરંજન કેશવજી મોમાયા, શૈક્ષણિક અગ્રણી અને શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી શીવજી કુંવરજી વિકમશી, અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ શ્રી શામજી નરશી દંડ, ભૂતપૂર્વ ઈન્કમ ટેક્સ કમીશ્નર શ્રી તિલકચંદ લોડાયા મુંબઈ મહાજનના પંચવાર્ષિક દાતાઓ, મહાજનના વર્તમાન વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, વીશા સમાજના અગ્રણીઓ શ્રી દામજીભાઈ અને જાદવજીભાઈ એંકરવાળા, શામજીભાઈ (અમર સન્સ), સુનીલ ગાલા (નવનીત પ્રકાશન), કુલીનભાઈ મોરાજી ગાલા, સુંદરજીભાઈ સણોસરાવાલા, શાંતિલાલભાઈ મારૂ(સુવિધા), હેમંત અને મુકેશ નાનજી છેડા, જૈન અગ્રણીઓ રમેશભાઈ મોરબીયા,નીતિનભાઈ સંઘવી અને અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં ગણીવર્ય કવીન્દ્ર સાંગરજી મહારાજ સાહેબે માંગલિક સંભળાવ્યું હતું. તે પછી યતિવર્ય મોતીસાગરજી મહારાજ સાહેબે પ્રસંગોચિત ઉદબોધનમાં જ્ઞાતિના ભવ્ય ઈતિહાસની યાદો તાજી કરી હતી.

ત્યારબાદ મુંબઈ મહાજનના મંત્રી શ્રી ચેતન મોતાએ ઉપસ્થિત જૈન સમાજના

અગ્રણીઓ અને જ્ઞાતિજનોને ઉષ્માભર્યો આવકાર આપી સ્વાગત કર્યું હતું અને વીશા સમાજના અને આપણી જ્ઞાતિના અગ્રિમ કાર્યકરો, પદાધિકારીઓ તેમજ અન્ય આગેવાનો અને દાતાઓનો વ્યક્તિગત ઉલ્લેખ કરી તેમના પ્રતિ આભાર વ્યક્ત કર્યો હતો.

દરમ્યાનમાં સમારંભ સ્થળે આવતાં પહેલાં મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસ અને ગૃહનિર્માણ પ્રધાન પ્રકાશ મહેતા અનંતનાથજી દેરાસરજીમાં પધાર્યા હતા. તે વખતે જ્ઞાતિની મહિલા અધિકારીઓ, ટ્રસ્ટીઓ અને મસ્જીદબંદર સંઘની મહિલાઓએ પરંપરાગત પરિધાનમાં બેડાં સહિત અતિથિઓનું તિલક કરી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ દેરાસરના પહેલા માળે યતિશ્રીની ગાદી નજીક ગણીચર્ય કવીન્દ્ર સાગર મહારાજ સાહેબ અને યતિવર્ય મોતીસાગર મહારાજે અતિથિઓને માંગલિક સંભળાવ્યું હતું, ત્યારે મુંબઈ મહાજનના પ્રમુખશ્રી નયન ભેદા, ઉપપ્રમુખ પારસ મૈશેરી, સંજય અજાણી, મંત્રીઓ ચેતન મોતા અને રાજૂલ પટેલ, ખજાનચી રાજેશ છેડા, ટ્રસ્ટીઓ હેમાંગ ધમરશી, કુમાર દંડ, સમીર નાગડા, તેજલ લોડાયા, અને લોપા નાગડા તેમજ અન્યો હાજર રહ્યા હતા.

તે પછી મહાજન પ્રમુખશ્રી અને ટ્રસ્ટી હેમાંગ ધરમશી મુખ્ય પ્રધાન અને ગૃહનિર્માણ પ્રધાનને દેરાસરજીમાં ઉપર દોરી ગયા જ્યાં તેમણે મૂળનાયક પ્રભુના દર્શન-વંદન કર્યાં હતા ને મૂળ ગંભારાના ચાંદીના નવા દરવાજાઓનું ઉદ્‌ઘાટન કરી સમગ્ર દેરાસરજીની ભવ્યતા નિહાળી ભરપુર પ્રશંસા કરી હતી.

દેરાસરજીની મુલાકાત પછી મુખ્ય પ્રધાન શ્રી અને અન્યો 'ફુવારા' નજીકના સમારંભના સ્થળે પધારી રહ્યા હતા ત્યારે નાકા સુધી ઉપસ્થિત જ્ઞાતિજનોએ તેમનું હર્ષોલ્લાસની કિકિયારીઓ અને પ્રણામ-વંદનથી અભિનંદયા હતા.

સ્ટેજ પર આવતાં પહેલાં મુખ્ય પ્રધાનશ્રીએ શીવ જયંતિ પ્રસંગે ત્યાં પંદરેક હાર દૂર મુકાયેલ છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાને વંદન-હાર અર્પણ કર્યા હતા અને તે પછી તેમણે  સીધા 'ફુવારા'ના સ્મારક તરફ પ્રયાણ કર્યું હતું.

સ્મારકના ઉદ્‌ઘાટન પહેલાં મુખ્ય પ્રધાનશ્રીએ અને મહાજન પ્રમુખશ્રીએ 'ફુવારા'ની ઉપલી પગથીયે ઉભારહી હાથ ઊંચા કરી જનમેદનીના આનંદોચ્ચારનો પડઘો ઝીલ્યો હતો. ત્યારબાદ તેમણે રીબન કાપી "ફુવારા"નું ઉદ્‌ઘાટન કર્યું હતુ. તે પછી તેમણે "ફુવારા"ની અંદરના છાયાછત્ર ક્ષેત્રમાંથી પસાર થઈને ઉત્તર બાજુએ મુકાયેલ સ્થાપત્યની વિગતો અંકિત કરતી શિલા-તકતીનું અનાવરણ કર્યું હતું.

ત્યારબાદ, મુખ્ય પ્રધાનશ્રી પાછા ફુવારાના અંદરના ક્ષેત્રમાં આવ્યા હતા, જ્યાં શેઠ કેશવજી નાયકના વંશજ શ્રી દિનેશ નાયક જેઠાભાઈ, સૌ.પુષ્પા વિજય નાયક જેઠાભાઈ અને સૌ.મૃદુલા દિનેશ નાયક અને મહાજન પ્રમુખશ્રી માનદમંત્રી ચેતન મોતા અને અન્યો તેમની સંગાથે રહ્યા હતા જ્યાં સૌ પ્રથમ મહાજનના માનદમંત્રી શ્રી ચેતન મોતાએ ફુવારાના પ્યાઉના માટલામાંથી પાણી ભરેલ પાત્ર મુખ્ય પ્રધાનશ્રીને અને મુંબઈ મહાજન પ્રમુખશ્રીને અન્ય પાત્ર ધરીને તેમને શીતળ જળનું અનુપાન કરાવી પ્યાઉનો પ્રતીકાત્મક પ્રારંભ કર્યો હતો.

આ પછી મંચ પર કાર્યક્રમ શરૂ થયો. પ્રારંભમાં મહાજનના પ્રમુખશ્રીએ ઉપસ્થિતોને આવકાર આપી મુખ્ય પ્રધાનશ્રીને સંબોધતાં આપણી જ્ઞાતિના પૂર્વજો અને મુંબઈમાં બે સદીઓ પહેલાં આવેલ જ્ઞાતિ શિરોમણી શેઠ નરશી નાથા તથા જ્ઞાતિ મુકુટ મણી શેઠ કેશવજી નાયક જેવા પ્રતિભાવંતોએ મુંબઈમાં કરેલ પોતાના જીવન અને સમાજજીવનની અને તે પછીની જ્ઞાતિની તારીખનું વર્ણન કર્યું હતું અને તાજેતરમાં મુંબઈ મહાજન  અને અનંતનાથજી ટ્રસ્ટે  કઈ રીતે મુંબઈનાં હેરીટેજ વારસા વિષે નીમાયેલ સમિતીના વિદ્વાન અધિકારીઓના માર્ગદર્શન હેઠળ છેલ્લા એકાદ વર્ષ દરમ્યાન જ્ઞાતિના આ ઐતિહાસિક સ્મારક રૂપ સ્થાપત્યનું નવસંસ્કરણ કાર્ય આરંભ્યું હતું તેની અને આ કામ દરમ્યાન આ સ્થાપત્ય પર એકાદ સદી દરમ્યાન વખતો વખત લગાડાયેલા જુદા જુદા રંગોના પોપડાઓ અને સામુગ્રીને સંભાળપૂર્વક ઉખેડીને, હેરીટેજ, વિષયક જુના અધિકૃત

પુસ્તકો અને દસ્તાવેજ સંગ્રહિત માહિતીનો સંદર્ભ લઈને આ સ્થાપત્યની મૂળ કૃતિ, તેના રંગ, રેખા, અને આકારને પ્રમાણિકતાથી ન્યાય આપી તેને પુનર્જિવિત કરવા જતનપૂર્વક કાર્યવાહી કરવામાં આવી છે. તેની માહિતી આપી હતી.

વિશેષમાં તેમણે અત્યારે પણ આ વિસ્તારમાં જ્ઞાતિની બાવીસ જેટલી જુની સ્થાવર મિલકતો હોવાનું જણાવી તેમના પુનર્વિકાસ દ્વારા જ્ઞાતિના હજારેક કુટુંબોના વસવાટની પ્રસ્તાવિત યોજનામાં મહારાષ્ટ્ર સરકારને સહકાર આપવા આગ્રહભરી વિનંતિ કરી હતી.

તે પછી મુખ્ય પ્રધાને પોતાના વક્તવ્યમાં આપણી જ્ઞાતિ વિરાસતનું પુન સંસ્કરણ કરવાની નિષ્ઠાને ભરસકપણે બિરદાવી હતી અને જ્ઞાતિની આ વિસ્તારમાં આવેલ મિલકતોના પુર્નવિકાસ માટે, ભીંડી બજારમાં વહોરા સમાજે કલ્સ્ટર યોજના હેઠળ કરેલ આયોજન ની જેમ જ્ઞાતિ પ્રસ્તાવ મુકશેતો તેમની સરકાર તે માટે પુરેપુરો સહકાર આપશે તેની ખાતરી આપી હતી.

આ પહેલાં ગૃહનિર્માણ શ્રી પ્રકાશ મહેતાએ પણ કચ્છીમાં પ્રવચન આપ્યું હતું.

કાર્યક્રમ દરમ્યાન મહાજનના પ્રમુખશ્રીએ મુખ્ય પ્રધાનને આપણી જ્ઞાતિની પારંપારિક કચ્છી પાઘડી પહેરાવી હતી તેમજ મુખ્ય પ્રધાને પ્રમુખશ્રી નયન ભેદાને પણ પારંપારિક કચ્છી પાઘડી પહેરાવી હતી.

દરમ્યાન ફુવારાના નવસંસ્કરણના હેરીટેજ આર્કિટેક્ટ શ્રી રાહુલ ચેંબુરકર, કોન્ટ્રેક્ટરો શ્રી નિલેશ અને મેહુલ ઠક્કર તેમજ પુસ્તક 'એક્સપ્લોરીંગ ધી વોટર હેરિટેજ ઓફ મુંબઈ' જેમાં આ સ્થાપત્યનો ઉલ્લેખ ને ઈતિહાસ વર્ણવાયા છે તે પુસ્તકના લેખિકા શ્રીમતી વર્ષા શીરગાંવકર અને મુંબઈ હરિટેજ કમિટિના ચેરમેન શ્રી વી.રંગનાથનનાં મુંબઈ મહાજનશ્રી અને અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા સન્માન કરાયાં હતાં. આ પહેલાં, શ્રી રંગનાથન અને શ્રીમતી શિરગાંવકરે પોતાના પ્રવચનોમાં હેરીટેજ સ્થાપત્યો વિશે જાગૃતિ રાખવા અનુરોધ કર્યો હતો.

અંતે આભારવિધીમાં માનદ મંત્રી શ્રી ચેતન મોતાએ આજના કાર્યક્રમમાં તડકો તપતો હોવા છતાં ખુલ્લામાં બેસીને સૌ મહાનુભાવો અને જ્ઞાતિજનોએ ધીરજ-શાંતિ જાળવ્યા હતા તે બદલ મિચ્છામિ દુક્કડમ અને આભાર પ્રદર્શિત કર્યા હતા.

ત્યારબાદ મુખ્ય પ્રધાન અને રાજકિય આગેવાનોએ વિદાય લીધા પછી કાર્યક્રમ પુરો થયો હતો, તે પછી જ્ઞાતિજનો અને અગ્રણીઓ ઉત્સાહપૂર્વક વાતાવરણમાં એકબીજાને મુક્ત મને મળ્યા હતા અને જ્ઞાતિના આ ઐતિહાસિક કાર્યક્રમની યાદગાર ક્ષણોને મમળાવતા ભોજન લઈ છુટા પડયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સુત્ર સંચાલન વૈભવ મોતાએ કર્યુ હતું.

**શેઠ કેશવજી નાયકના "ફુવારા"ના નવ સંસ્કરણના ઉક્ત કાર્યક્રમ અંગે પ્રગટ થયેલા અખબારી અહેવાલોમાંથી કેટલાક અવતરણો :**

**મુંબઈ સમાચાર** ...... કચ્છી દાનવીરે બંધાવેલા એ સ્થાપત્યને તેમની જ જ્ઞાતિના આગેવાનોએ તેનું નુતનીકરણ કરી ઉદાહરણ પૂરું પાડયું છે.

**Times of India** : "Pillar of History Restored" "Facelift for 140 year old water fountain". "The Kessowjee Naik Fountain and Clock Tower at Masjid Bunder ....The Monument , built in 1876 has been restrored by The Kutchi Dasha Oswal Jain Mahajan Community at a cost of Rs.30 Lakh.

**જન્મભૂમિ** : કચ્છી દશા ઓશવાલ (કદઓ) જ્ઞાતિના શિરોમણી એવા શેઠ કેશવજી નાયકે ૧૪૦ વર્ષ પહેલા મસ્જિદબંદરના ધમધમતા ભાતબજાર વિસ્તારમાં જેનું નિર્માણ કર્યુ હતું તે ૨૦ ફુટ ઊંચા ભવ્ય ફુવારા અને કલોક ટાવરનું કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનના યુવા પ્રમુખ નયનભાઈ ભેદાએ બાર મહિનાની જહેમત લઈ રિનોવેશન કર્યા બાદ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

વિશ્વ હેરિટેજ સાઈટમાં સ્થાન પામેલા આ ભવ્ય સ્થાપત્યનું નિર્માણ ઈ.સ.૧૮૭૬માં કેશવજી શેઠે રૂ.૨૩,૦૦૦ના ખર્ચે કર્યુ હતું. જે ક.દ.ઓ.જ્ઞાતિના ભવ્ય ભૂતકાળની એક આગવી સ્મૃતિ છે. ફુવારાની લગોલગ રેડ સ્ટોનમાંથી પશુઓ માટેનાં હવાડો પણ બનાવવામાં આવ્યો હતો.

# જીતી જવા કરતાં સાથે હોવું વધુ મહત્ત્વનું છે

**વનિતા**



**વિશ્વ**

તાજેતરમાં મુંબઈગરાઓએ મેરેથોન મૂડ માણ્યો. મારી જેમ ઘણા બધાને મેરેથોનમાં ભાગ લેતાં 'ધ ચેલેન્જિંગ વન્સ' ગ્રુપના વિકલાંગોને જોઈને સૌથી વધુ આનંદ અને ગૌરવનો અનુભવ થયો હશે. મેજર દેવેન્દ્ર પાલ સિંહના નેતૃત્વમાં તેઓ મેરેથોનમાં ભાગ લેવાના છે તે જાણ્યું ત્યારથી મને ક્યાંક વાંચેલી એક વાત ખૂબ યાદ આવ્યા કરે છેઃ

વિકલાંગોની એક શાળામાં દોડવાની હરીફાઈ હતી. હરીફાઈનું પ્રાયોજન શારીરિક રીતે અક્ષમ બાળકોને પોતે પણ દોડી શકેછે તેવો આત્મવિશ્વાસ આપવાનું હતું. જોકે, બાળકો પોતાની જાતને સાબિત કરવા ઘણા ઉત્સુક હતાં. મોટાભાગે દયા અને તિરસ્કારથી જ ટેવાયેલાં આ બાળકો માટે આત્મગૌરવ અનુભવવાને અને તેને માટે દોડવાની હરીફાઈ જીતવાની આ એક મોટી તક હતી. બીજી શાળાઓમાં થતી દોડવાની સ્પર્ધા અને આ વિશેષ બાળકોની શાળામાં થઈ રહેલી દોડવાની સ્પર્ધામાં આ રીતે એક મહત્ત્વનો તફાવત હતો.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે જેમને બોલાવેલા એ પણ કોઈને કોઈ પ્રકારની શારીરિક અક્ષમતા ધરાવતા હતા.

સ્પર્ધા શરૂ થઈ. બાળકો અત્યંત આનંદ અને ઉત્સાહમાં હતાં. દરેક બાળક કોઈને કોઈ અપૂર્ણતાથી પીડાતું હતું. દોડતી વખતે તેમના શરીરનું હલનચલન વિચિત્ર લાગતું હતું, પણ તેમના ચહેરા પર અનોખી ચમક શોભતી હતી.

પોતપોતાની ખોડ સાથે દરેક બાળક આગળ નીકળવા મથતું હતું. મોટાભાગનાં બાળકો દસ વર્ષથી નાનાં હતાં. તેમનાં માબાપ, શિક્ષકો, મહેમાનો અને નિર્ણાયકો તેમનો ઉત્સાહ વધારતી બૂમો પાડતાં હતાં.

અચાનક એક બાળક પડી ગયું. તેનાથી પોતાની મેળે ઊભા થવાતું ન હતું, છતાં તે ઊભા થવાની ભરપૂર કોશિશ કરતું રહ્યું હતું. પોતે હવે જીતી નહીં શકે તેની તેને ખાતરી થઈ ગઈ હતી, પણ સ્પર્ધા પૂરી થાય ત્યાં સુધી તેને દોડતાં રહેવું હતું, તેથી તે ઊભું થવાની ખૂબ કોશિશ કરતું હતું.

તેની પાછળનું બાળક આગળ નીકળી ગયું. આગળ નીકળ્યા બાદ તે અટકી ગયું, પાછું ફર્યું અને પડી ગયેલા બાળક પાસે આવ્યું. પોતાના નાના હાથથી ટેકો આપી તેણે એ બાળકને ઊભું કર્યું. બન્ને બાળકો એકબીજાનો હાથ પકડી ધીમે ધીમે દોડવાં લાગ્યાં.

આ દૃશ્યથી જોનારાનાં આંખ અને મન ભીંજાયાં. પોતાની બધી શક્તિ લગાડીને દોડવું અને આગળ નીકળવું જેને માટે આત્મસમ્માનનો સવાલ હતો તેવા બાળકે, જ્યારે પોતાના જેવા જ અક્ષમ બીજા બાળકને પડી ગયેલું, રડતાં રડતાં ઊભા થવાની કોશિશ કરતું જોયું ત્યારે તેના મનમાંથી સ્પર્ધામાં જીતવાનો, પોતાને


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.



Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

Mob. : 7666688881

ગુરૂવાર બંધ

પુરવાર કરવાનો ખ્યાલ ભૂંસાઈ ગયો અને તેણે પોતાના આત્માના અવાજને સાંભળ્યો. એ અવાજનું માન્યું અત્રે પોતાના તકલીફમાં મુકાયેલા મિત્રને મદદ કરવાનું સૌથી મહત્ત્વનું છે, એમ માન્યું. એને ઊભો કરવામાં થોડો સમય જશે, એ દરમિયાન પોતે પાછળ રહી જશે અને જીતવાની તક ગુમાવશે તેની તેને ખબર હતી, પણ તેને માટે મિત્રને મદદ કરવાનું વધુ મહત્ત્વનું હતું.

બન્ને બાળકોને એકબીજાનો હાથ પકડી ડગમગ દોડતા જોઈ આગળ નીકળી ગયેલાં બાળકો એક પછી એક ઊભા રહી ગયાં. વધારે આગળ નીકળી ગયાં હતાં તે પણ પાછાં ફર્યા. પાછળ રહી ગયેલા બે મિત્રોને તેઓ ભેટતા ગયાં અને તેમની સાથે તેમનો હાથ પકડી એક લાઈનમાં આવતાં ગયાં.

નિર્ણાયકો અને દર્શકો માટે આ એક મોટું આશ્ચર્ય હતું. શારીરિક ક્ષતિરહિત એટલે કે નોર્મલ બાળકોની બાબતમાં તેમણે આવું કદી જોયું ન હતું કે ચાલુ સ્પર્ધાએ એક બાળક પડી જાય તો બીજું તેને ઊભું કરવા માટે અટકે અને આ બન્ને ને પાછળ રહી ગયેલાં જોઈ આગળ નીકળી ગયેલા બાળકો પણ પાછાં ફરે, રાહ જુએ અને તેમનો હાથ પકડી એક જ લાઈનમાં એકસાથે ચાલે. આ રીતે ચાલતાં તમામ બાળકોના મોં પર અત્યંત પ્રસન્નતાની આભા હતી.

નિર્ણાયકોમાંના એકે આ પ્રસંગનું વર્ણન કરતાં લખ્યું હતું કે અમે જે શારીરિક રીતે ક્ષતિઓ ધરાવીએ છીએ, ને તેમના અસ્તિત્વને આદર આપવાનું ભાગ્યે જ કોઈને આવડતું હોય છે. અમારી દયા ખાતા શબ્દો, અમને 'બિચારા' બનાવતાં વલણો, અમને 'ઓશિયાળા' બનાવી દેતા અમારા પરિવારજનો અને અમને હડધૂત કરતા કે અવગણતા સમાજના અન્ય લોકો આમાંના કોઈને કદી એ ખ્યાલ નથી આવતો કે અમે શરીરથી અક્ષમ છીએ, પણ મનથી પૂરા સક્ષમ છીએ. અમારામાં સમજ છે સંવેદના છે. અમને પણ જોઈતું હોય છે આત્મ ગૌરવ. અમારે પણ મેળવવો હોય છે અમારા અસ્તિત્વનો અર્થ. કોઈની દયા કે ઉપેક્ષા અમને કેટલા ઘાયલ કરી જાય છે એ અમારા જેવા અપંગો જ સમજી શકે. હું પોતે અપંગ છું, મારા માટે જિંદગીનો પ્રત્યેક તબક્કો વિઘ્નદોડ જેવો રહ્યો છે, તેથી હું સમજી શકું છું કે આ બાળકોનાં નાજુક હૃદય કેવી સંવેદનાઓમાંથી પસાર થતાં હશે. આ સંવેદનાઓ તેમના મનને સામાન્ય બાળકો કરતાં જુદાં બનાવે છે. આ સંવેદનાએજ આ બાળકોને શીખવ્યું છે કે જીતી જવા કરતાં વધારે મહત્ત્વ ઓછું નથી. પણ સાથે હોવાનું મહત્ત્વ વધારે છે. આ સત્ય માનવમાત્રને એટલું જ લાગુ પડે છે જેટલું આ અપંગ બાળકોને. જે દિવસે માનવ જાત આ મહાન સ્તને સમજશે તે દિવસે દુનિયા આખી સાચા અર્થમાં એક કુટુંબ જેવી બનશે.

જોકે, મેરેથોન રેસમાં જીતી જવાનું હોતું નથી. 'મેરેથોન' નામનો એક ઈતિહાસ છે. પ્રાચીન ગ્રીકમાં મેરેથોનના મેદાનમાં એક મોટી લડાઈ ચાલતી હતી. ઈ.સ.પૂર્વે ૪૯૦ ની આસપાસના સમયમાં લડાયેલા આ યુધ્ધને 'મેરેથોન બેટલ' કહે છે. પર્શિયા હારી ગયું અને એથેન્સની જીત થઈ એ સમાચાર એથેન્સ પહોંચાડવા માટે ફિડિપીડ્સ નામનો સંદેશવાહક માઈલો સુધી અટક્યા વિના દોડતો રહ્યો હતો અને 'નેનીકેકમન-આપણે જીત્યા' એ શબ્દો બોલ્યા પછી પડી ગયો એ મૃત્યુ પામ્યો. એથેન્સની જનતા સુધી આ સંદેશો પહોંચાડવો કેટલો જરૂરી હતો તે જાણતો હતો અને તેથી તેણે એ પહોંચાડવા માટે પ્રાણની બાજી લગાવી દીધી. એથેન્સ સુધી પહોંચાડવાનો એક માર્ગ ૩૪ કિલોમીટરનો હતો, પણ પહાડો જંગલોથી ભરેલો અને મુશ્કેલ હતો. બીજો માર્ગ ૪૧ કિલોમીટર લાંબો હતો, જે થોડો સરળ હતો. વહેલા પહોંચી શકાય તે માટે ફિડીપીટ્સે ટૂંકો પણ જોખમી માર્ગ પસંદ કર્યો હતો.

આ બલિદાનની સ્મૃતિમાં ૧૮૯૬થી ઑલિમ્પિક રમતોમાં મેરેથોન રેસ સામેલ કરવામાં આવી છે.તેનું ઔપચારિક અંતર ૪૨.૧૭૫ કિલોમીટરનું હોય છે. તેમાં ૫૦૦ થી લઈ હજારો લોકો ભાગ લે છે.

મુંબઈ મેરેથોન ભારતનો સૌથી મોટો ચેરિટી ઈવેન્ટ છે. દર વર્ષે યોજાતી આ આંતરરાષ્ટ્રીય દોડ જાન્યુઆરીના ત્રીજા રવિવારે યોજાય છે. પૂર્ણ મેરેથોન


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

મુંબઈ મહાજનશ્રી અને અનંતનાથજી ટ્રસ્ટે મુંબઈમાં શેઠ કેશવજી નાયક દ્વારા દોઢ સદી પહેલાં બંધાયેલા 'કુવારા'નું નવીનકરણ કરીને સ્થાપત્યની વિરાસત અંકબંધ રાખી તે બદલ જ્ઞાતિ ખરેખર ગૌરવ અનુભવે છે. *તન - મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

(૪૨.૧૭૯કિ.મી.) , અર્ધ મેરેથોન, ડ્રીમ રન (૬ કિલોમીટર), સિનિયર સિટીઝન રેસ (૪.૩ કિ.મી), શારીરિક અક્ષમતા ધરાવનાર માટે ચૅમ્પિયન્સ વિથ ડિસએબિલિટી (૨.૪ કિ.મી) અને કોર્પોરેટ ચૅમ્પિયન્સ. તેમાં ભાગ લેવા વિદેશીઓ પણ આવે છે. લંડન મેરેથોનથી પ્રભાવિત થઈ ૨૦૦૪માં તેની શરૂઆત થઈ હતી. તેનું આખું નામ સ્ટાનડર્ડ ચાર્ટર્ડ મુંબઈ ઈન્ટરનેશનલ મેરેથોન છે. તેનું એન્થમ પણ છે, જે રચના દીક્ષિતે લખ્યું છે, તૌફિક કુરેશીએ સ્વરબધ્ધ કર્યું છે અને શાને ગાયું છે. ૨૦૧૦માં રિલીઝ થયું હતું.

મુંબઈ મેરેથોન ચેરિટી ફંડ ઊભું કરવાના આશયથી જ યોજાયા છે. એનું શાસ્ત્ર સમજવા માટે આખો એક લેખ લખવો પડે, પણ તેને 'રન ફોર અ કૉઝ' કહેવાય છે તે આટલા માટે.

આપણે માનીએ છીએ કે આપણી પાસે આપવા જેવું શું છે ? મધર ટેરેસા કહે છે, 'કેટલું આપવું તે કરતાં પ્રેમથી આપવું તે વધારે મહત્ત્વનું છે.' ચાર્લ્સ ડિકિન્સ કહેતા, 'જે માણસ બીજાના ભારને હળવો કરવાની ઈચ્છા નથી રાખતો તે પોતે જ ભારરૂપ છે.' અને વિન્સન્ટન ચર્ચિલ કહેતા કે 'આપણને જે મળે છે તેનાથી આપણે ટકીએ છીએ પણ આપણે જે આપીએ છીએ તે આપણામાં જિંદગી ઉમેરે છે.'

સ્મિત, સદ્ભાવ, સમજદારી, આનંદ, સાથ, પ્રેમ, નૈતિક હિંમત આ બધી ખૂબ ભવ્ય બાબતો છે, પણ તે સામાન્યમાં સામાન્ય માણસ એકબીજાને આપી શકે છે. આ બધી ભેટો એવી છે કે જે લેનાર કરતાં આપનારને વધારે ધન્યતા અને સાર્થકતાનો અનુભવ આપનારી નીવડે છે. આપતા જઈએ તેમ વધુ થાય તેવું આ ધન છે. જરૂર છે ફક્ત એક ક્ષણ ઊભા રહેવાની અને સાચી દિશામાં થોડાં પગલાં ભરી લેવાની.

રમણ મહર્ષિએ કહ્યું છે કે 'યોર સેલ્ફ રિયલાઈઝેશન ઈઝ ધ ગ્રેટેસ્ટ સર્વિસ યુ કેન રેન્ડર ધ વર્લ્ડ.' આ શબ્દો જેટલા સ્પષ્ટ છે તેટલા જ રહસ્યમય છે. જેમ આપણે પોતે વિકસતા જઈએ તેમ આ શબ્દોનો વ્યાપ, ગહનતા અને ઊંચાઈ વધતાં જાય. આ જ તો છે જિંદગી, આ જ તો છે જિંદગીનો અર્ક.

('જન્મભૂમિ' માંથી સાંભાર - સોનલ પરીખ)


શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709


## શ્રી નલિયા નાગડા ગોત્રના માતાજીને નમતા ભાવિકો

શ્રી નલિયા નાગડા ગોત્રના શ્રી અંબાઈ માતાજીને નમતા ભાવિકોની સમુહપહેડીનું આયોજન આ વર્ષે પણ કરેલ છે.

તા.૧૭.૦૭.૨૦૧૫ : નિમાલ તથા ભાવના

તા.૧૮.૦૭.૨૦૧૫ સમુહપહેડી

સમુહ પહેડીમાં આવવાં ઈચ્છતા દરેક ભાવિકો પોતાના નામ નીચે લખેલ સમિતીના ભાઈઓ પાસે લખાવી દેવા જેથી રહેવા માટેની વ્યવસ્થા કરી શકાય.

**મહેશ શામજી નાગડા** - 94266 84327

**મહેશ ખીમજી નાગડા** - 94287 49374

**જુગલ માણેકજી નાગડા** - 99780 02772

**ચેતન લહેરચંદ નાગડા** - 98201 05078

(રેલ્વે ટીકીટનું બુકિંગ ચાર માસ અગાઉ થાય છે. માટે અત્યારથી ટીકીટની વ્યવસ્થા કરી લેશો)


ઝવેરી બજારની

જ્યોતિ

હવે માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) માં પણ...

જ્યોતિ ઝવેરી બઝાર ખાતે

**સ્ટૉક ક્લીયરન્સ સેલ**

**શનિવાર તા. ૭ માર્ચથી ભારે છુટ**

**UPTO 50%**

જ્યોતિ સાડી ઝવેરી બઝાર લાવે છે

**Special Offer આપના માટે**

**કસબ-બટકસબ-પીયવર્ક-જીકસબ**

**હેન્ડ. મશીનવર્ક પારસી સાડીઓ**

**ચણીયા ચોળી રીયલ-ટેસ્ટેડ ઘરચોળા**

**પાનેતર - બાંધણીઓ તથા ફેન્સી**

**સાડીઓના રેડી સ્ટૉક પર ભારે વળતર**

134/136, 2nd Floor, Above Khadi Bhandar,
Opp. Khara Kuwa, Mumbai - 400 002
Phone : 22402786 / 22413995

RAJSHREE YOGA & FAT FREE ZONE ®
Weight Management & Yoga Center
Since 1994

સામાન્ય રીતે ૨૫ કિલો થી વધુ વજન ઉતારવું હોય તો ઓપરેશન કરાવવું પડે છે.
જેમાં લાખો નો ખર્ચ થાય, પછી પણ ડાયેટ કરવું પડે, શરીરને સહન કરવું પડે,
છતાં જોઈતો શેપ આવે એ નક્કી ન હોય.
ગમે તેટલું વજન ઓછું કરી ને જો મનગમતો શેપ ઓછા ખર્ચ અને
ટૂંક સમયમાં જોઈતો હોય તો એક માત્ર વિકલ્પ છે.

**રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન**

**નામ નહીં કામ બોલે છે**


પહેલાં પછી

કિશોર પોપટલાલ સાવલા

ટોટલ વજન ઉતાર્યું
35 કિલો
ટોટલ ઈંચ ઉતાર્યા
159


પહેલાં પછી

'' રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોનમાં ઘણા લોકોને વજન ઉતારતા જોયા છે. મેં પણ ૩૫ કિલો ઘટાડયું. જેમ બધાની દવાઓ ઓછી કે બંધ થઇ જાય છે, તેમ મારું પણ થયું. પણ મને થાઇરોઇડ હોવા છતાં પણ ૩૫ કિલો ઉતર્યું એ મોટી વાત છે. વજન કોઇપણ રીતે કદાચ ઉતારી શકાય પણ ખાઇને મેઇનટેઇન ક્યાં પણ રહી શકતુ નથી. વજન માટે ઓપરેશન કરાવ્યા પછી પણ ઘણ લોકોના વજન વધી જતા જોયા છે. મેં પણ પહેલાં ૨૦ કિલો ઉતારેલું એ પછી થોડા સમયમાં વધી ગયેલું હવે મેં બધું ખાઇન ટ્રાય કરી લીધી છે. એકાદ કિલો ચડ-ઉતર થાય અને પાછું ત્યાંજ આવી જાય છે. મને એકવાર મહેનત પડી પણ હવે સારું લાગે છે.''

Ph:- 93233 33303, 93218 99909, 24104142

ખાસ નોંધ : અમારા કોઈ આસીસ્ટન્ટ, આમારા દ્વારા તાલીમ લીધેલ કોઇ વ્યક્તિ કે કયાંય બ્રાન્ચ કે ફેન્ચાઇઝી નથી.
મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી.

**૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે, દાદાસાહેબ ફાલકે રોડ,**
**ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪**

વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com




## માણસ એક જ વાર મરે છે, એટલે પ્રાર્થનાસભા પણ એક જ વાર યોજાય છે.

પ્ર.સ. અંક ૦૭ તા. ૧૪થી ૨૦ ફેબ્રુઆરી ૧૫ના અંકમાં ‘ચર્ચાને ચોતરે’ વિભાગમાં શ્રી કુલીનકાંતભાઈ લુઠિયાનો ‘પ્રાર્થના રાખેલ નથી અભિગમ આવકાર્ય’ એ શીર્ષક હેઠળનો લેખ વાંચ્યો. જેમને પ્રાર્થના સભા ખર્ચા પરવડતા ન હોય તેઓ ભલે પ્રાર્થના સભા ન રાખે પણ બધા લોકો (જ્ઞાતિજનો)ને પ્રાર્થના સભા રાખવી નહિ એવી સલાહ ‘સમાજ સુધારા’ ના આકર્ષક નામ હેઠળ આપવી જરા પણ સ્વીકાર્ય ન હોઈ શકે. માણસ એક જ વાર મરે છે અને એટલે જ એના પછી પ્રાર્થના કે સાદડી અવશ્ય રાખવી જોઈએ એની પછવાડે કેટલાંક માનસ શાસ્ત્રીય કારણો પણ રહેલાં છે. આપણાં પૂર્વજો આપણાં કરતાં વધુ ડાહ્યા હતાં. એટલે જ પહેલાં સાદડીની પ્રથા હતી. બાર-બાર દિવસ સુધી સગા-સંબંધીઓ અને હિતેચ્છુઓ આવ્યા કરતા હતા. ઘરના સભ્યો એકલા ન પડી જાય એ માટે ફળિયાની બે-ત્રણ બહેનો અને એક-બે પુરૂષો દિવસ દરમ્યાન સતત બેસી રહેતાં અને કુટુંબીજનોને આશ્વાસન આપ્યાં કરતાં હતાં. એ બાર દિવસમાં કુટુંબીજનોનું પચાસથી સાઠ ટકા દુઃખ ઓછું થઈ જતું હતું. જો કે આજે મનોવૃત્તિ બદલાઈ ગઈ છે. માણસ મર્યો કે ‘----’ મર્યો લગભગ સરખું જ છે. (મોટે ભાગે) આપણા હૃદયમાંથી લાગણીઓ ઓછી થઈ ગઈ છે. પણ કુટુંબીજનો માટે મૃત વ્યક્તિની કિંમત લાખો-કરોડો કરતાં પણ વધુ છે. એમને આશ્વાસન અને હુંફની જરૂરી હોય છે.

કહેવાંનુ તાત્પર્ય એટલું જ કે જેઓ શક્તિમાન છે તેઓ અવશ્ય પ્રાર્થના રાખે. જરૂરી ખર્ચો અવશ્ય કરે. બિનજરૂરી ખોટા ખર્ચા ન કરે. કોઈ સંગીતકારને બોલાવવા જ એવું જરૂરી નથી.આપણી જ્ઞાતિના મહિલા મંડળને બોલાવી શકાય. દરેક પરામાં આવા મહિલા મંડળો અસ્તિત્વ ધરાવે છે. વળી ઓછા ભાડાના કોઈ હોલમાં પ્રાર્થના યોજી શકાય. આપણે નક્કી કર્યું હોય તે દિવસે જો હોલ ખાલી ન હોય તો એકાદ દિવસ પાછળ પણ પ્રાર્થનાસભા યોજી શકાય.

વળી પ્રાર્થનામાં દેખાડાને કોઈ અવકાશ જ નથી. સીધા બ્યુટી પાર્લરમાંથી આવ્યા હતાં એવું કોઈ કહી ન જાય એ બાબતનું ધ્યાન રાખવું જોઈએ.

જેઓ પ્રાર્થના સભાનો ખર્ચો વહન કરી શકે એમ નથી તેમણે સાદડી અવશ્ય રાખવી જોઈએ. કારણ કે સાદડી ન રાખી હોય તો પણ મૃત્યુ જેવા પ્રસંગે સગાં તો આવવાનાં જ, સાથે આત્મીયજનો અને હિતેચ્છુઓ પણ આવવાનાં જ. મારા (સાસરા પક્ષના) એક સગા એવું લખીને ગયા હતા કે ‘ મારા મૃત્યુ પછી સાદડી કે પ્રાર્થના રાખશો નહિ’ પરિણામ એ આવ્યું કે તેમના ઘરે બે-ત્રણ દિવસ સુધી આત્મીયજનોની અવરજવર ચાલુ રહી. તેમના એક કુટુંબીજને અમને કહ્યું કે આના કરતાં પ્રાર્થના રાખી હોય તો સારું થાત!

‘મુંબઈનું જીવન ધમાલભર્યુ છે. કોઈને ટાઈમ નથી’ એવી દલીલો ભણેલા ગણેલા લોકો કરે એ વાજબી નથી. અમુક મહિનામાં બે-ત્રણ લગનોમાં જવાનું હોય ત્યારે આપણે ટાઈમ કે નોકરીની પરવા કર્યા વગર બધાં જ લગ્નોમાં ઠાઠ માઠથી (ટેક્સી કરીને પણ) જતાં હોઈએ છીએ. ત્યારે ટાઈમ કે ધમાલ ભર્યા જીવનની ફરિયાદ કરતા નથી. તો પછી પ્રાર્થનામાં જવા માટે આવી પાંગળી અને નિરર્થક દલીલો શા માટે? હું ભૂતકાળમાં ક્યારેક 1/2 દિવસની કેઝ્યુઅલ લીવ લઈને પણ (મુલુંડથી) ડોમ્બીવલી સુધી પ્રાર્થના સભામાં અવશ્ય પહોંચતો હતો. એથી મને એક જાતનો આત્મ સંતોષ મળતો હતો. મારાં ધર્મપત્નીના અવસાન નિમિત્તે યોજેલી પ્રાર્થના સભા પછી મેં હૃદયમાં થોડી હળવાશ જરૂર અનુભવી હતી. એવો મારો પોતાનો અનુભવ છે.

*ગાંધીધામ : ૦૪.૦૩.૧૫* - **શામજી પદમશી છેડા**

।। શ્રી મુનીવ્રત સ્વામીને નમઃ।।

શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ કોઇમ્બતુર

**પ્રસંગ છે ભારત દેશે... તામિળનાડુ રાજ્યે...કોઈમ્બતુર નગરે**

## દેવાધિદેવ પરમાત્મા શ્રી મુનિસુવ્રત પ્રતિષ્ઠાનું આગોતરૂ આમંત્રણ

**અવસરે છે આનંદનો, સંગ છે સાધર્મિકનો, ઉમંગ છે ઉરનો, વેળા છે મહોત્સવની, તેડા છે હરખના...**તથા

કોઈમ્બતુર નિવાસી સર્વે પરિવાર જનોના જય જિનેન્દ્ર

98430 15551 શ્રી ભાવેશ દિનેશ લોડાયા 93507 58185 શ્રી ડેની ચીમનલાલ લાલકા

94431 51613 પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિના સર્વ સભ્યો, શ્રી. ક.દ.ઓ. જૈન મહાજનશ્રીની કારોબારી સમિતિના સર્વે સભ્યો,

**દિવ્યકૃપા -** શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી. ગુણસાગર સુરીશ્વરજી મ.સા.

**આજ્ઞાઆશિષ -** તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી.ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા.

**શુભ આશિષ -** સાહિત્ય સમ્રાટ સંઘ વત્સલ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સુરીશ્વરજી મ.સા.

**શુભ નિશ્રા -** મહાતપસ્વી વાત્સલ્ય વારિધિ પ.પૂ. મુનિપ્રવર ગુરૂદેવ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.

**મંગલ પ્રેરણા -** પ્રખર પ્રવચન પ્રભાવક પ.પૂ. મુનિરાજ શ્રી દેવરત્નસાગરજી મ.સા.

**માર્ગદર્શક - નવકાર આરાધક, ૧૯માં વર્ષીતપના તપસ્વી, શ્રી. નરેન્દ્રભાઈ રામજી નંદુ**

ધર્માનુરાગી સ્નેહી શ્રી...

જય જિનેન્દ્ર! સહર્ષ જણાવવાનું કે શ્રી દેવ, ગુરૂ, ધર્મની અસીમ કૃપાથી તથા શ્રી સંઘનાં પુણ્યોદયે, અમારા વડિલોના આશિષથી દેવાધિદેવ વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનો અમુલ્ય અવસર જ્યેષ્ઠ સુદ છઠ્ઠ ને શનિવાર તા.૨૩-૫-૨૦૧૫ અમારે આંગણે આવી રહ્યો છે. તે દરમ્યાન દશાન્હિકા મહોત્સવ વૈશાખ વદ ૧૩ને શુક્રવાર તા. ૧૫-૫-૧૫ થી જ્યેષ્ઠ સુદ ૯ ને રવિવાર તા. ૨૪-૫-૨૦૧૫ સુધી રાખવામાં આવેલ છે. આ મહામૂલા પ્રસંગે શ્રી સંઘની વિનંતી સ્વીકારીને મહાતપસ્વી વાત્સલ્ય વારિધિ પ.પૂ. મુનિપ્રવર ગુરૂદેવ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. મુનિ શ્રી. રાજશેખર સારગજી મ.સા. અને પ.પૂ.મુનિશ્રી ધર્મશેખર સાગરજી મ.સા. આદિ ઠાણા ભોપાલથી ઉગ્ર વિહાર કરીને કોઈમ્બતુર પધારી રહ્યા છે. તથા પ્રતિષ્ઠા મહોત્સવની શાન વધારવા શ્રી કય વગ્ન, જય, મેઘ નંદુ પણ પધારશે. જે અમારા સંઘનું સૌભાગ્ય છે.

પ્રતિષ્ઠા તથા દશાન્હિકા મહોત્સવ પ્રસંગે પધારવાનું આમંત્રણ પાઠવતાં અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ.

આ શુભ પ્રસંગે સહપરિવાર પધારી શાસનની શોભામાં અભિવૃધ્ધિ કરશોજી.

મહોત્સવ દરમિયાન સંપૂર્ણ દિવસની સાધર્મિક ભાકિતની વ્યવસ્થા રાખવામાં આવેલ છે તથા બહારગામથી પધારનાર મોંઘેરા મહેમાનોની ઉતારાની વ્યવસ્થા રાખવામાં આવેલછે. આપના આગમનની જાણ અમોને આગાઉથી કરવા નમ્ર વિનંતી.

**લિ. અચલગચ્છ જૈન ટ્રસ્ટ**

**શ્રી. નિતિન કાનજી લોડાયા**
**98430 18927**

**શ્રી. પ્રદિપ રતિલાલ લોડાયા**
**98430 20776**

**શ્રી. લિતિન નવિનચંદ્ર લોડાયા**
**98430 15551**

**શ્રી ભાવેશ દિનેશ લોડાયા**
**93607 68185**

**શ્રી ડેની ચીમનલાલ લાલકા**
**94431 51613**

પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિના સર્વ સભ્યો, શ્રી. ક.દ.ઓ. જૈન મહાજનશ્રીની કારોબારી સમિતિના સર્વે સભ્યો, તથા કોઈમ્બતુર નિવાસી સર્વે પરિવાર જનોના જય જિનેન્દ્ર

# સ્વયં સ્વસ્થ બનો

ભાંડૂપ શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મારફતે શેઠ શ્રી નરશીનાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા સોમવાર તા. ૨-૩-૨૦૧૫થી ૧૦ દિવસની યોગાચાર્ય ડૉ.ગીતા જૈન અને સાથીદાર શ્રી દિપક જાની દ્વારા સ્વયં સ્વસ્થ બનોનાં સફળ શિબિરે ૯૦ જ્ઞાતિજનો તનની તંદુરસ્તી અને મનની પ્રસન્નતા મેળવી આનંદીત રહ્યા.

મહાજનશ્રીના પ્રમુખ શ્રી નયન ભેદા, મેડીકલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પારસભાઇ મૈશેરી, કુમારભાઇ દંડ, ગીતાબેન જૈન ભાંડૂપની પોલીસ ચોકીના ઇન્સ્પેક્ટર શ્રી પ્રતાપભાઇનાં વરદ હસ્તે દીપ પ્રાગટ્ય થયું.

શિબિર સવારના ૬ થી ૮.૩૦ સુધી ચાલતી. શેઠ શ્રી. નરશી નાથા સભાગ્રહમાં સૌની નિત્ય સુખદ હાજરી રહી. તન સાથે મનના જોડાણે યોગના નિયમ-યમ- આસન પ્રાણાયમ પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિએ અનેક આસનોથી વાકેફ થયા. બાકી આ આસને **ના દર્દ - ના - પસીનો**, ફકત આંતરીક અલૌકીક આનંદ પ્રાપ્ત કર્યો.

ધુળેટીના દિવસે યોગી હિલના ગાર્ડનમાં પરિવારના સભ્ય સાથે વિધ-વિધ રમતો ટુચકાઓ અને સાથે રહીને મન ભાવન નાશ્તા ફ્રુટ સરબતોથી શેર કરી રોમાંચીત થયા. ગીતાબેન અને દિપક ભાઇ સતત અઢી કલાક પર્યંત તલસ્પર્સે વિગતે ઓત પ્રોત રહી આસન શિક્ષણ આપતાં.

તા. ૧૨ ના સર્વ શિબિરાર્થીઓએ લેખિત અને મૌખીક અભિપ્રાય આપી, થયેલા અનુભવોનું વર્ણન કરી, થેન્ક કહી. હાથ જોડી, યોગાચાર્યોને સસ્મીત વદને અને હાથે ઉચ્ચીત ગુરુ દક્ષિણા આપી. કુમાર દંડે મનભાવન વ્યવસ્થા આયોજન વગેરેમાં તન તોડ મેહનત કરી. શિબિરને ફળદાયક સર્જાવી.

દેવાંગ દંડે નિત્ય યોગ શિબિરના ફોટાપાડી વોટ્સ ઍપ કર્યા. ફાઇવ સ્ટાર્સના મનોજ લોડાયાએ ટ્રસ્ટ તરફથી સ્વાદિષ્ટ ચા, નાશ્તાએ રાજી રાખ્યા. શ્રી પારસ મૈશીરીએ મેડીકલ ટ્રસ્ટની અતી અગત્યની કાર્યવાહીએ વાકેફ કર્યા. ફળદાયક શિબિરનું પરિણામ જાણી . બીજી શિબિરમાટે વચન બદ્ધ થયા. યોગાચાર્યોએ ગળગળા સાદે આભાર માન્યો. શ્રેષ્ઠ વાક્ય રચનાએ લહેરચંદ મૈશેરી લેખીત ટ્રસ્ટે યોગાચાર્યોને મોમેન્ટો અર્પણ કર્યો. શબ્દોને વાચા કુમાર દંડે આપી.

શ્રી સચ્ચાઈ માતાયે નમઃ

## શ્રી સમસ્ત લોડાયા પરિવારના સચ્ચાઈમાતાજીની દ્વિતીય સમુહ પહેડી
## તા. ૧૧.૦૪.૨૦૧૫ શનિવાર ચૈત્ર વદ ૭ના સાંજના ૪.૦૦ કલાકેથી
## શ્રી કાલિદાસ ઑપન ગ્રાઉન્ડ મુલુંડ

દ્વિતીય સમુહ પહેડીના સહયોગી દાતાઓ : માતુશ્રી વેલબાઈ પદમશી લોડાયા (કુવાપધર-બોરીવલી) નરેન્દ્ર દામજી લોડાયા (નલિયા-મુલુંડ), માતુશ્રી મુરબાઈ ઝવેરચંદ લોડાયા (સાંયરા-રાયપુર). હજી પણ પહેડી પ્રસંગે સહયોગી દાતાશ્રીઓનાં નામ લખાવી લાભ લઈ શકો છો.

### આયોજક સમિતી

પ્રમુખ : શ્રી પ્રવિણ હંશરાજ લોડાયા (આરીખાણા - મુલુંડ)

ઉપપ્રમુખ : શ્રી ગોવિંદજી લાલજી પટેલ (સાંધવ-મુલુંડ), શ્રી વિરચંદ નરશી લોડાયા (રાપર - મુલુંડ)

માનદમંત્રી : શ્રી વિપુલ ઠાકરશી પટેલ - (સાંધવ - મુલુંડ), શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા (નલિયા - મુલુંડ)

ખજાનચી : શ્રી શરદ સોમચંદ લોડાયા (સાંધવ - ડોંબિવલી), શ્રી સંદિપ નવિનચંદ્ર લોડાયા (સાંધવ - મુલુંડ)

### કારોબારી સભ્યો

| | |
|---|---|
| ૧. શ્રી પુનશી લઘુભાઈ લોડાયા (રાપર ઘાટકોપર), | ૨. શ્રી રમેશ મુરજી લોડાયા (ભરૂડિયા - મુલુંડ) |
| ૩. શ્રી નિપેશ હિરાચંદ લોડાયા (બાંઢીયા - ઐરોલી) | ૪. શ્રી પ્રકાશ માણેકજી લોડાયા (સાંધવ - થાણા) |
| ૫. શ્રી મયુર ખીમજી લોડાયા -પીર (સુથરી-ભાંડુપ) | ૬. શ્રી મુકેશ ભવાનજી લોડાયા (મોટી સિંધોડી - ડોંબિવલી) |
| ૭. શ્રી અરવિંદ રાયચંદ લોડાયા (દલતુંગી - ડોંબિવલી) | ૮. શ્રી મેહુલ તિલકચંદ લોડાયા (બારોઈ-મુલુંડ) |
| ૯. શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા (મોટી ખાવડી - થાણા) | ૧૦. શ્રી મણીલાલ રાયચંદ લોડાયા (કોઠારા - વાશી) |
| ૧૧. શ્રી વિરચંદ હીરજી લોડાયા (સુથરી-ડોંબિવલી) | ૧૨. શ્રી પદમ લાલજી લોડાયા (વરાડીયા - ડોંબિવલી) |
| ૧૩. શ્રી જતીન વિરેન્દ્ર લોડાયા (બાંઢીયા - અમદાવાદ) | ૧૪. શ્રી હરીશ ઝવેરચંદ લોડાયા (સાંયરા - રાયપુર) |
| ૧૫. શ્રી કિરીટ કુંવરજી લોડાયા (સાંયરા-ડોંબિવલી) | ૧૬. શ્રી અજીત માલશી લોડાયા (તેરા-મુલુંડ) |
| ૧૭. શ્રી અરવિંદ લાલજી લોડાયા (વારાપધર - ગાંધીધામ) | ૧૮. શ્રી વિજય વાલજી લોડાયા (સાંયરા - મુલુંડ) |
| ૧૯. શ્રી ચેતન નલીનકાન્ત લોડાયા-પીર (સુથરી - ડોંબિવલી) | ૨૦. શ્રી વિજય મોતિલાલ લોડાયા (મોટીખાવડી - ઘાટકોપર) |




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**



C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

ક.દ.ઓ. મોતા પરિવારના ભાવિકજનો જોગ

# કુળદેવી માં અંબાઇમાં ની સમૂહ પહેડી પ્રસંગે હાર્દિક આમંત્રણ

ક.દ.ઓ મોતા પરિવારના કુળદેવી માં અંબાઈમાં ની સમૂહ પહેડી ચૈત્ર સુદ૧ ગુડીપડવો શનિવાર તા. ૨૧-૩-૨૦૧૫ ના શુભદિવસે જૈનમ હૉલ ભોયતળિયે LBS Marg ભાંડુપ (પ) ખાતે સવારના ૯.૩૦ થી યોજવામાં આવેલ છે.

**સમૂહ પહેડી ના લાભાર્થી પરિવાર**
**માં. રાજબાઇ લક્ષ્મીચંદ ઘારશી મોતા પરિવાર-લાખણીયા-વડાલા**

- જાણીતા કલાકાર દ્વારા માતાજીની સંગીતમય આરાધના / અર્ચના. બહેનો ગરબા દ્વારા માતાજીની આરાધના
- સને ૨૦૧૩/૨૦૧૪ માં SSC (પ્રથમ બે) HSC (પ્રથમ બે) એવમ સ્નાતક - ઉચ્ચ કે અન્ય પરીક્ષા પાસ કરેલ પરિવારના યુવાઓનું સરસ્વતી સન્માન, અને અન્ય પ્રતિભાવંત સભ્યોનું અભિનંદન એવં અનુમોદન. (આ વર્ષમાં કથિત પરીક્ષા પસાર કરેલ યુવાઓએ પરિણામની ઝેરાક્ષ કોપી ન મોકલી હોય તો મો. નંબર 9819655259 પર સંપર્ક સાધવો.)
- માતાજી અર્ચના / આરાધના, પહેડીના જુહાર એવ પ્રસાદના કાર્યક્રમમાં સમયસર પધારી પરિવારની એકતામા વધારો કરશોજી.

લી. ક.દ.ઓ મોતા પરિવાર અંબામાં ટ્રસ્ટ એવં ક.દ.ઓ. મોતા યુથ ફોરમના પદાધિકારીઓ એવં કાર્યકરોના

**જય માતાજી વાંચશોજી**

''પહેડીમાં કાળાં કપડા ન પહેરવા અને યોગ્ય વસ્ત્ર પરિધાન કરવું.''

જયશ્રી ભલારા દાદાય નમઃ

# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર

## શ્રી ભલારાદાદાની ૨૭મી મુંબઈમાં સમુહ પહેડી

ચૈત્ર સુદ ૧ ને ગુડીપાડવાના શુભ દિવસે તા.૨૧-૦૩-૨૦૧૫ શનિવાર સાંજે ૪.૦૦ કલાકે શ્રી ભલારાદાદાની સમુહ પહેડીનું આયોજન છે.

**પહેડીના સ્થાનમાં ફેરબદલ થયેલ છે**

**ભક્તિ સંગીત : સાંજના ૪.૩૦ કલાકથી**

**સ્થળ : શ્રી અનંતનાથ કોમ્પલેક્સ ગ્રાઉન્ડ, કાંજુરમાર્ગ (ઈસ્ટ).**

શ્રી નરેન્દ્ર નંદુ તથા સાથી કલાકારોના સથવારે ભક્તિરસની રમઝટ સાથે પહેડી પ્રસાદ અને આરતી દર્શનનો લાભ લેવા સર્વે ભાવિકોને પધારવા આમંત્રણ છે. રાત્રે ૮.૩૦ કલાકે સમુહ દીવડા દ્વિતીય આરતી ઉતારવામાં આવશે.

## લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ

શ્રી ભલારાદાદાની અસીમ કૃપાથી અને શ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રા અને દાતાશ્રીઓ તેમજ ભાવિકોના ઉદાર સહયોગથી દાદાના મૂળસ્થાનક શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩-૧૪ અને પૂનમ તા.૨,૩,૪ એપ્રિલ ૨૦૧૫ના ત્ર્યાન્હિકા મહોત્સવનું આયોજન છે. આ ધ્વજા મહોત્સવ પ્રસંગે દરરોજ આરતી, ભક્તિભાવના અને દાદાનો પાઠ રહેશે અને રાત્રે મહાઆરતી દીવડા રહેશે. આ મહોત્સવ પ્રસંગે સર્વે ભાવિકોને લાલપુર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**શ્રી લાલપુર સ્થાને : વ્યવસ્થા સંભાળનાર વિરભદ્રભાઈ - 02895-273348, મો. : 09998123147**

**લિ. શ્રી ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

॥ શત્રુંજય મંડન શ્રી આદિનાથાય નમો નમઃ ॥



# સદાનંદી નિડર વકતા પ.પૂ. ગણિવર્ય ભગવંત શ્રી કવીન્દ્રસાગરજી મ.સા. નો સંક્ષિપ્ત પરિચય

- જન્મભૂમિ : અબડાસા – જખૌ, કર્મભૂમિ : માધાપર (ભુજ), મોટી રાયણ
- કચ્છ કેસરી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. વર્તમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના માત્ર દર્શનથી કોઇના પણ ઉપદેશ વિના (સ્વયંસંબુધ) વૈરાગ્યભાવ પ્રગટ થયો અને પ્રકૃષ્ટ પુણ્યના સ્વામી એ જ દિવસે દિક્ષીત થવાની અનુમતિ પ્રાપ્ત કરવા માટેની સફળતા મેળવી.
- ૧૧ વર્ષ સુધી નવકાર નહોતો મળ્યો પણ સાહેબજીના સાનિધ્યમાં આવ્યા પછી કુશાગ્ર બુધ્ધિના પ્રભાવે એક જ મહિનામાં મોટા ભાગનું પંચ પ્રતિક્રમણ સૂત્રો કંઠસ્થ
- ૧૨ વર્ષની કિશોરવયે રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસુરીશ્વરજી મ.સા. હસ્તકમલ દ્વારા દિક્ષીત થઇ મુનિવર બન્યા.
- એક જ મંચ પર, એક જ સાથે બાલમુનિ કલાપ્રભસાગરજી, બાલમુનિ કવીન્દ્રસાગરજી, બાલમુનિ વીરભદ્રસાગરજી સંયમી બન્યા
- ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૬ કર્મગ્રંથ, બૃહત્ સંગ્રહણી, ક્ષેત્ર સમાસ, તત્વાર્થ સૂત્ર, અધ્યાત્મ કલ્પદ્રુમ, જ્ઞાનસાર, ભગવતી સૂત્ર, આચારાંગ સૂત્ર વગેરે આગમોની ઉંડો અભ્યાસ કરી વિશારદ બન્યા. મહાકવિ કાલિદાસ, ભૂષણભટ્ટ, ભારવી, દન્ડીન વગેરે મહાકવિઓના ઉંડામાં ઉંડો અને અઘરામાં અઘરા ગ્રંથોનો અભ્યાસ કરી સંસ્કૃત ભાષામાં સાહિત્યરત્ન પદવીથી વિભૂષિત થયા.
- પ્રખર પ્રવચનકાર હોવાથી પોતાની જાનદાર અને શાનદાર શૈલીથી અનેક આત્માર્થીઓને સાચો રાહ દેખાડનાર, અનેક અજૈનોને જૈન ધર્મ પમાડનાર
- અચલગચ્છના ઇતિહાસમાં સૌ પ્રથમ નવ્વાણું યાત્રાના પાવનકારી નિશ્રાદાતા
- જસાપર ગામની પ્રતિષ્ઠા પ્રસંગે સંઘને બધી રીતે મજબુત કરી મહોત્સવને ચાર ચાંદ લગાડનાર
- મહોત્સવ પૂર્વે અમદાવાદમાં બેઠા બેઠા લાખોનું ફંડ ઉભું કરી દક્ષિણ ગુજરાતમાં કે.ડી.ઓ. નું એક માત્ર વડોદરામાં આવેલ શિખરબદ્ધ શ્રી વિમલનાથ જિનાલયની પ્રતિષ્ઠા, અંજનશલાકા મહોત્સવને દીપાવી પરમ ઉપકારી બન્યા.
- મુલુંડ ચેકનાકા સંઘ, ખાર (પૂર્વ) સંઘના ઉધ્ધારક, કચ્છ સુમરાસર સંઘના પરમ તારક
- અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ને અચલગચ્છાધિપતિ પદ વિધિપૂર્વક આપવાનો સૌભાગ્ય પ્રાપ્ત કરનાર.
- અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરજીસૂરીશ્વરજી મ.સા. ની નિશ્રામાં આયોજીત નવ્વાણુ યાત્રાના પ્રેરક અને પુરૂષાર્થમૂર્તિ
- પરમ તારક ગુરૂદેવ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. નું સ્વપ્ન (૭૨ જિનાલય તીર્થ) ને સાકાર કરનાર.
- ૪૫ આગમના યોગોદ્વહન બાદ શત્રુંજય મહાતીર્થાધિરાજની ગોદમાં ગણિપદથી સુશોભિત થનાર
- શાસન સામ્રાજ્ઞી ચક્રેશ્વરી દેવી દ્વારા અનેક ચમત્કારોના સાક્ષી બનનારા
- ગુણોદય તીર્થધામ (સોનગઢ), નિર્માણાધીન ગુણોદયપુરમ (પાલિતાણા) ના પ્રેરક




૧૩મા વર્ષીતપના આરાધક

અજોડ શાસનપ્રભાવક, સરલ સ્વભાવી

પ.પૂ. ગણિવર ભગવંત શ્રી

# કવીન્દ્રસાગરજી મ.સા.

**ને ગણિ પદ રજત વર્ષ (૨૫ વર્ષ) ના**

ગૌરવવંતા પવિત્ર પ્રસંગે

**મંત્ર શિરોમણી નવકાર મહામંત્રની ભવ્યાતિભવ્ય આરાધના**

(જયંત રાહીના સંગે)

## ગુણ ગણિ કવીન્દ્ર ગરિમા ગુણાનુમોદન

કવીન્દ્ર–વીર સાધના નિકેતનના ઉદારદિલ
ભાગ્યશાળી દાતાઓનું બહુમાન

**ધન્ય ઘડી : રવિવાર, ૨૨ માર્ચ ૨૦૧૫, સવારે ૯.૦૦ કલાકે**

**સ્થળ : જૈનમ બેંકવેટ હોલ, ભાંડુપ (વેસ્ટ)**

**અનુષ્ઠાનના મુખ્ય લાભાર્થી પરિવાર**

**શ્રીમતી નવલબેન ભાણજી માણેક પાસડ - શેરડી**

યોગ્યતાની દ્રષ્ટિએ ઉપાધ્યાય - ગણિ પણ આચાર્ય સમકક્ષ કહેવાય...

આવા મહાન પ્રભાવક પ.પૂ. ગણિવર્ય ભગવંત શ્રી કવીન્દ્રસાગરજીને ગણિપદના રજત વર્ષ મહોત્સવમાં પોત-પોતાના સંઘોમાંથી પાસ મેળવી લઇ પધારવા નમ્ર વિનંતી.

**બપોરની સાધર્મિક ભક્તિ રાખવામાં આવી છે.**

પાસ લઇ આવનારને જ પ્રવેશ આપવામાં આવશે.

**આયોજક : જય જિનેન્દ્ર ગૌતમ નિધિ ટ્રસ્ટ**

લિ. જય જિનેન્દ્ર ગૌતમ નિધિ ટ્રસ્ટ મંડળ
રૂપેન વિકમશી, વિનોદ છેડા
નરેન્દ્ર ગાલા, વિપુલ શાહ

BINITA MARU : 98690 34162

## શ્રધ્ધાસુમન



# સમાજ રત્ન શ્રી રાયચંદ હંસરાજ ધરમશી

જન્મ : તા.૧૦.૦૨.૧૯૩૯ અવસાન : તા.૦૩.૦૩.૨૦૧૫

જૈન સમાજના દરેક ક્ષેત્રમાં પોતાના પુર્ણ જીવનયાત્રા દરમ્યાન તન મન અને ધનથી યોગદાન આપેલ છે. તેઓ જીવન એવું જીવી ગયા કે સમાજના દરેક વ્યક્તિ તેમને ગૌરવપુર્વક હર હંમેશ યાદ કરતા રહેશે.

ભવદીય
શ્રી અનિલ લક્ષ્મીચંદ નાગડા પરિવાર - ગામ : તેરા
શ્રી વિજય વર્ધમાન ખોના પરિવાર - ગામ : નલીયા

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ભલારા ભક્તિ મંડળ,હૈદ્રાબાદ

પ્રતિ વર્ષાનુસાર આવર્ષે પણ શ્રી ભલારા દાદાસમુહ પાઠ તથા પ્રસાદીનું આયોજન ચૈત્રી પૂનમ શનિવાર ૪ એપ્રિલ ૨૦૧૫ ગૌધુલી વેળાએ શ્રી કચ્છી ભવન રામકોટ હૈદ્રાબાદ મુકામે રાખવામાં આવેલ છે. આ વર્ષના સમુહ પાઠ તથા પ્રસાદીના લાભાર્થી માતુશ્રી રાજબાઈ પદમશી ખીમજી મોતા પરિવાર કુવાપધર હસ્તે શ્રીમતી જયશ્રીબેન ભરત પદમશી મોતા છે. ભલારાદાદાને નમતા ભક્તોને સહપરિવાર પધારી પાઠ જ્યોત દર્શન તથા પ્રસાદીનો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ છે.

વધુ વિગત માટે સંપર્ક :

શ્રી ગુલાબચંદ પદમશી મોતા : 94401 40456

શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા : 92465 31066

શ્રી હંસકુમાર રાયચંદ સાયલા : 92465 32545

### પરબ શક્તિ સંજીવની સોસાયટી

### સંસ્થા દ્વારા લખલક્ષ્મી લુઠિયા જન સહાયક ફંડ દ્વારા પ્રેરિત રાહત દરે અનાજ તથા મસાલાનું વેચાણ

ઘાટકોપર, પરમ કેશવ બાગ, નવરોજી લેન મધ્યે તા. ૧૯.૦૩ (ગુરૂ) અને ૨૦.૦૩ (શુક્ર) ના સવારના ૧૦ થી સાંજે ૭ સુધી યોજાયું છે. સ્ટોલ રાખવા ઈચ્છુક બહેનોને કાશ્મિરા લુઠિયા (98216 75772) દમયંતી શાહ (98219 13887), પુષ્પા ખોના (93222 62521) અને પારૂલ મોતા (93222 80529) નો સંપર્ક કરવા તથા માલની ખરીદી માટે થેલીઓ સાથે લાવવા વિનંતી.

સંસ્થા દ્વારા રાહત દરે હેલ્થ ચેક અપ સુવિધા માટે જયુપીટર હોસ્પિટલ થાણામાં સંકલન વ્યવસ્થા કરવામાં આવી છે. વધુ વિગત માટે જયશ્રી દંડ (98922 15560) નો સંપર્ક કરવા ભલામણ છે.


શુભેચ્છાઓ સહ...
સાંઘવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies


### ભાંડુપમાં શ્રી નરેન્દ્ર ચારૂ-સંસ્કાર સામાયિક મંડળનું ૧૨ વરસની ઉજવણીએ પંચાહ્નિકા મહોત્સવ

પ.પૂ.સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી અમીતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી નયદર્શનાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા.આદીઠાણા દશની ક્રિયાશીલ નીશ્રાએ ઉપરોક્ત મંડળે ઉછળતા ઉભરતા ભાવે પંચાહ્નિકા મહોત્સવ ઉજવ્યો. તા.૧૭.૦૧.૧૫ના દેસાવગાસીક સામાયિકમાં મોટી સંખ્યામાં આરાધકોએ હાજરી આપી. ધાર્મિક પ્રશ્નોત્તરીએ ઈનામોની વણજાર લાગી. તા.૧૮.જાન્યુ ના વિધિકાર ચિરાગભાઈ સંગોઈના સૂત્રોચ્ચારે શ્રી ભક્તામર મહાપૂજનમાં સંખ્યાબંધ પરિવારોને લાભ અપાયો. સ્વામિભક્તિમાં ૫૦૦ જણે લાભ લીધો. જીવદયામાં ઉચિત રાશી જમા થઈ. દેવદ્રવ્યમાં સુવર્ણ તથા ચાંદીની ગીનીઓ અને રોકડની ઉપજ થઈ. તા.૧૯ જાન્યુના ''શ્રી ઋષભની શોભા શી કહું,''માં મ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા.એ સૌના ભીતર ભીના કર્યા. સા.શ્રી. પૂર્ણયશાશ્રીજી મ.સા.ના સ્વરચીત ભાવવાહી ગીતોના ગૂંજને અને ચિતાકર્ષક ગહુંલીએ આદરનું આસન બીછાવ્યું. તા.૨૦ ના ગુરૂમૈયા ચારૂલતાશ્રીજી મ.સા.ની ૧૪મી માસિક પુણ્યતિથિએ સામાયિક તા.૨૧ના પ.પૂ.આ.ભ.ગુણસાગર સૂ.મ.સા.ની જન્મતિથીએ સમુહ સ્નાત્ર ઉલ્લાસે ભણાવાઈ.

મંડળની સભ્ય બહેનો નિત્ય સાંજે આંગી રચાવી સંધ્યાભક્તિ કરી આરતી ઉતારતા. રોજે આકર્ષક


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
• સાચી/ટેસ્ટેડ કસબ અને ઝાંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા,બોર્ડરો,પાનેતર,બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાળકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા 92234 25676

પરિધાને હાજર રહી પ્રભાવના કરતાં મહોત્સવ દરમ્યાન ઉપસ્થિતિનો રૂ.૨૫૦.૦૦ની મળી. નિત્ય પ્રભુ પક્ષાલ અને આરતીમાં હાજર રહેવા ગુર્વાજ્ઞા માથે ચડાવી. મંડળે વિવિધ પ્રકારના ૧૨ થાળ ચડાવી. કર્મચારીઓનું બહુમાન કર્યુ. ભાંડુપ સંઘવતી શ્રી કુમાર દંડ અને શ્રી લહેરચંદ મૈશેરીએ મંડળ સહિત શ્રી જયશ્રી લાપશીયા શ્રી ઉર્મીલા જિતેન્દ્ર લોડાયા અને શ્રી નયના નરેશ મૈશેરીની બીરદાવલી કરતાં શ્રી સંઘના આભુષણ ગણાવ્યા. મંડળની હર સુચારૂ પ્રવૃત્તિઓની શુભેચ્છા.

**કચ્છ અબડાસા (ગેડાપટમાં) અકરીગામ છે.**

દરિયાકાંઠે ત્યાં આપણા ક.દ.ઓ. જ્ઞાતિજનો તેમજ લુહાણા સમાજ, ભાટીયા, દરબાર જ્ઞાતિજનો રહેતા હતા. કારણસર દરબાર સિવાય સર્વે જ્ઞાતિજનો ગામ



છોડીને ચાલ્યાગયાં છે. પણ ૩૫૦ વર્ષનું વાચ્છરાદાદાનું પ્રાચીન મંદિર છે દાદા હાલમાં હાજરા-હાજુર છે. મંદિર નાગડા પરિવારે બનાવેલ .સતીમાતાજીની શરો (ખાંભી) ત્યાં છે. સાંધવના ગોવિંદજી પટેલ, નવિનભાઈ લોડાયા, પ્રવિણ મોતા, રસિકભાઈ લોડાયા, મયુર નાગડા તેમજ જયેશ જૈન, કિરણ દંડ, વિપુલ પટેલ સર્વે અકરીગામની મુલાકાત લીધેલ. દર્શન કરેલ.

**શ્રી શ્વેતાંબર જૈન સંઘ - ખિરકીયા**

અત્રે શ્રી નમિનાથ જિનાલયમાં દાદાની અસીમ કૃપાથી ૧૩ મો ધ્વજા મહોત્સવ મહા વદી તેરસના ધામધુમથી ઉજવાયો.

તા.૧૫.૦૨ના અઢાર અભિષેક રાખવામાં આવેલ. અભિષેક દરમ્યાન ચંદ્ર દર્શન કરાવવાનો લાભ ૩૫૧ મણમાં શ્રી કિરીટભાઈ ચંદુલાલ નાગડા પરિવારે લીધો તથા સૂર્યદર્શન કરાવવાનો લાભ ૩૦૧ મણમાં શ્રી જયંતભાઈ ચંદુલાલ નાગડા પરિવારે લીધો. શાંતિ કળશનો ૫૦૧ મણમાં માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી નાગડા પરિવારે તથા અષ્ટ પ્રકારી પૂજાનો લાભ ૫૦૧ મણમાં શ્રી ચંદ્રકાંત ભવાનજી નાગડા પરિવારે લીધો.

તા.૧૬.૦૨ના સત્તર ભેદી પૂજા ભણાવવામાં આવેલ. પૂજા દરમ્યાન ધ્વજા ચડાવવાનો લાભ ૮૦૦૧ મણમાં માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી નાગડા પરિવારે લીધો.

ઢોલ, વાજીત્રો અને ઘંટાનાદ શાસ્ત્રોક્ત ઉચ્ચારો વચ્ચે હર્ષોલ્લાસથી ધ્વજારોહણ કરવામાં આવેલ.

બપોરના શ્રી સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય તથા રૂ.૫ થી સર્વેનું બહુમાન કરવામાં આવેલ. સ્થાનકવાસી સમાજે પણ દરેક કાર્યમાં ઉત્સાહથી ભાગ લીધો.

રાત્રે સંધ્યા ભક્તિ રાખવામાં આવેલ. વિધિવિધાન માટે શ્રી રાજુભાઈ તથા તેમની સંગીત મંડલી મલકાપુરથી પધારેલ.

નાગડા પરિવારના ભાઈ-બહેનોએ જિનાલયને ખૂબ જ સુંદર શણગારી દીધું તથા દાદાની ભવ્ય અઁગરચના કરી સૌ ના મન મોહી લીધા.

**કચ્છી જૈન મહિલા મંડળ, કલકત્તા**

તા. ૧૮-૧-૨૦૧૫ સંઘ તરફથી પીકનીકનું આયોજન કરવામાં આવેલ. બે બસો દ્વારા યુનિક ગાર્ડન માં ગયેલ. બસમાં અંતાક્ષરી રમતાં રમતાં ૯ વાગે ગાર્ડન માં પહોચ્યાં ત્યાં સહપરિવાર પછી બધા રમવા માટે તૈયાર થયા. ચાર ગ્રુપ પાડવામાં આવેલ ડોરેમન, સીંગચેન, છોટાભીમ સ્કુબીડુ. દરેક ગ્રુપમાં ૨ વરસથી ૭૦ વરસ સુધીના એ ભાગ લીધેલ. એમાં ૧) છૌટા ભીમ - સમીર લાલકા ૨) સ્કુબીડું - નિખિલ લાલકા ના ગ્રુપને પ્રાઈઝ મળેલ, જે તેમણે માનવજ્યોત ને અર્પણ કરી દીધેલ.ત્યારબાદ જમી કરી બધા હાઉસી રમ્યા, પછી ઉભો ખો સંગીતખુરસી રમી, કચ્છી ભુવન આવ્યા. ત્યાં નાસ્તો કર્યા બાદ પિકનીક નો આનંદ માણી છુટા પડ્યા.

તા. ૨૮-૧૨-૨૦૧૪ ના રોજ યામિનિબેન ખંડેરવાલ તરફથી તેમના માતુશ્રી કિર્તીબેન માલાણીના અવસાન નિમિત્તે બારવ્રતની પૂજા ભણાવેલ બધાને પૂજાના


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

થેલાની લાણી કરેલ મંડળને તેમના તરફથી રૂા.૧૦૦૦ ભેટ મળેલ.

તા. ૬-૯-૧૫ ના હેમલતાબેન સાવલા તરફથી બાર વ્રતની પૂજા ભણાવવામાં આવેલ મંડળને રૂા.૧૦૦૦ ભેટ મળેલ.

૧૩-૧-૨૦૧૫ રીટાબેન શાહના ઘરે કીટીપાર્ટી રાખવામાં આવેલ ઘરે જતાં પહેલાં બધાએ ટોમૅટો સુપની લિજ્જત માણી. ત્યારબાદ બધાએ લંચ કરેલ ને રમતો રમાડવામાં આવેલ

પાંસાની રમતમાં ૧) ભારતી લાલકા ૨) મીના શાહને પ્રાઈઝ મળેલ. ટોમેટો વાળી રમતમાં ૧) મીના શાહ ૨) મીતા લાલકા ઉષા શાહને પ્રાઈઝ મળેલ પછી હાઉસી રમી બધા છૂટા પડ્યા.

**ધુલીયાની શ્રીજી ઈંગલીશ મિડીયમ સ્કુલના વાર્ષિક રમતોત્સવ**

ધુલીયા શ્રી ક.દ.ઓ. જૈન બોર્ડીંગ સંચાલિત શ્રીજી ઈંગ્લીશ મિડીયમ સ્કુલનો વાર્ષિક ક્રિડા મહોત્સવ ૨૪ ફેબ્રુવારી ૨૦૧૫ ના દિવસો ખુબજ ઉત્સાહપૂર્વક મનાવવામાં આવ્યો. કાર્યક્રમના પ્રમુખ મહેમાન તરીકે દૈનિક સકાળ વૃત્તપત્રના પ્રમુખ વાર્તાહાર માનનીય શ્રી સંજય પાટીલ, ક્રિડા અધિકારી સૌ. સુજાતા ગુલાણે, કે.ડિ.ઓ. જૈન મહાજન, ધુલિયાના અધ્યક્ષ શ્રી. મહેન્દ્ર. આર. ધરમશી તેઓના શુભ હસ્તે ક્રિડાજ્યોત પ્રજ્વલિત કરવામાં આવી અને સૌ. પ્રથમ રેડ, બ્લુ ગ્રીન અને યલો। હાઉસની રંગીત તાલીમ કરી પ્રેક્ષકોનું માન વંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે નર્સરીની જેન્ટલ મેન ફેરીસ રેસ, ચોકલેટ ઈટીંગ રેસ, સાંતાક્લોઝ રેસ, જુનિયર કેજીની રોબોટ રેસ, દુલ્હા-દુલ્હન રેસ, બ્રસ્ટીંગ ધ બલુન રેસ તેમજ સિનિયર કેજીની બ્રિડ્સ એન્ડ લેસ રેસ, મિનિસ્ટર રનિંગ રેસ, મોદી ક્લિનલીનેસ રેસ, ૨ ધોરણ વાળાની શુઝ એન્ડ સોક્સ રેસ, પેરાશુટ ડ્રિલ, ફ્લેગ રેસ, ૧ ધોરણ વાળાની રિંગ બોલ બેલન્સ, બેક ટુ બેક રેસ, પેરાશુટ ડ્રીલ તેમજ ૩ ધોરણ વાળાની પાસિંગ ધ કેપ, રેડી ફોર ધ પાર્ટી, હોકિ સ્ટીક રેસ, ૪-ધોરણ વાળાની - હર્ડલ રેસ, સેક રેસ, સાયકલ રેસ, ૫-ધોરણ વાળાની બોલ બેલેન્સીંગ રેસ, પ્બી એન્ડ બ્રસ્ટ ધ બલૂન, બેક ટૂ બેક, બોલ બેલેન્સીંગ, ૬-ધોરણ વાળાની રનિંગ, સ્પિકીંગ રેસ, ૭ માં ધોરણ વાળાઓની એને ૯માં ધોરણ વાળાઓની સ્લો સાયકલીંગ, રનિંગ, ટગ ઑફ વૉર રેસ તેમજ રોપ અને પોલ. મલખમ પર વિદ્યાર્થી રાસ પ્રભાવીને રોપ મલખમ પર તલવાર લઈને અને પોલ મલખમના વિદ્યાથીઓએ રોમાંચિત પ્રદર્શન રજૂ કર્યું. ધોરણ ૫માં વિદ્યાર્થીઓએ પિરામીડ ની રચના રજૂ કરી. આ વિદ્યાર્થીઓના નાવિન્ય પૂર્ણ ક્રિડા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દ્વીતીય અને તૃતિય ક્રમાંક મેળવનારા વિદ્યાર્થીઓને માન્યવરના હસ્તે તેજ સમયે બક્ષિસનું વિતરણ કરવામાં આવ્યું. એક વર્ગના રમત ઉત્સવ પુરૂ થયા પછી એક સમુહ ગીત અને સુંદર નૃત્ય નું આયોજન કરવામાં આવ્યું. આ સમયે વિદ્યાર્થીઆએ વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા. એમાં જુનિયર કેજીના નાના બાળકોએ ''તેરી હૈ જમી, તેરા આસમાં,'' આ સ્વાગતગીત પર નૃત્ય રજૂ કરાયું. 'જય જગત' આ સમુહ , ગીત સાયોનારા ના ગીત પર પણ નૃત્ય રજૂ કરાયું. અને છેલ્લે 'મેરા ભારત મહાન' પર વિવિધ પ્રદેશના ગીતો પર નૃત્ય પ્રસ્તુત કર્યું. તેમાના ઉપસ્થિત પાલક પ્રેક્ષકો તરફથી ઉત્સ્ફુર્ત પ્રતિસાદ મળ્યો. પ્રોજેક્ટરની મદદથી સન ૨૦૧૪-૧૫ નો વાર્ષિક અહેવાલ પ્રસ્તુત કરવામાં આવ્યા. આ સમયે શાળાના રિક્ષા-ચાલક ભાઈઓ તેમજ પાલક-શિક્ષક પ્રતિનિધી ઓ તેમજ બ્લુ અને યેલો હાઉસ ના પ્રમુખોને સન્માન ચિન્હ દઈને તેઓનું ગૌરવ કરવામાં આવ્યું. છેલ્લે રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની સમાપ્તી કરવામાં આવી આ સમયે શાળાના વ્હાઈસ ચેરમેન શ્રી ચંદ્રકાંત ભાઈ શહા, સેક્રેટરી સૌ. કાંતાબેન શહા, ટ્રેઝરર શ્રી ગોવિંદજી ભાઈ સોની, મેનેજમેન્ટ સદસ્ય સૌ. લતાબેન શહા, કે.ડિ.ઓ. મહાજન તેમજ ધુલિયાના બીજા સદસ્ય અને ક્રીડા માર્ગદર્શક એથલિટિક કોચ સૌ. સીમા પાટીલ તે સમયે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું ઉત્કૃષ્ટ સંચાલન શિક્ષિકા કુ. આયેશા અન્સારીએ. કર્યું. પોતાના બાળકોને પ્રોત્સાહન આપવા માટે ઘણી સંખ્યામાં પાલક વર્ગ આ સમયે શાળાના ભવ્ય ક્રિડાંગણમાં ઉપસ્થિત હતા. રજૂ થયેલા કાર્યક્રમને યશસ્વી બનાવવા માટે શાળાના મુખ્યઅધ્યાપક શ્રીમતી રવનિત કૌર કોહલી, તેમજ ઉપમુખ્ય પ્રધ્યાપક કુ. ભાવના શહા, શિક્ષકો તેમજ કર્મચારીઓએ મહત્વ નું સહકાર્ય કર્યું.

**દલતુંગીમાં જીવદયા ભંડોળ**

જ્યંતિલાલ કેશવજી નાથાભાઈ માલદેના સ્મરણાર્થે તેમના પરિવાર દ્વારા દલતુંગી મુકામે અબોલ-પશુ-પક્ષી માટે જીવદયા ભંડોળ માટે શ્રધ્ધાજંલિ સંતવાણીનું આયોજન કરી રકમ રૂ.૫૧,૦૦૦/- દલતુંગી ગામના

ગૌશાળામાં ભેટ રૂપે આપવામાં આવેલ છે.

**મહિલા મંચ, અમરાવતી**

મંચની ફેબ્રુઆરીની મિટીંગ શ્રીમતી વિમલાબેન છેડાના નેજા હેઠળ ગં.સ્વ.દમયંતીબેન ધરમશીના ઘરે યોજાયેલ. નવકાર મંત્ર અને ભક્તિગીતોથી શરૂઆત કર્યા બાદ ગં.સ્વ. ધનલક્ષ્મીબેન નાગડા જેમણે શંખેશ્વરથી પાલીતાણા છરી પાલ ૩ સંઘમાં જોડાય સુખરૂપ યાત્રા કરી હતી. તેમનું બહુમાન મંચ પ્રમુખ વિમલાબેન છેડાએ કર્યુ. ત્યારબાદ દમયંતીબેન પદયાત્રા થયેલ અનુભવોનું રસપ્રદ વર્ણન કર્યુ અંતમાં અલ્પાહાર કરી. સૌ છુટા પડયા.

**અમરાવતીમાં યાત્રાળુનું સન્માન**

ગં.સ્વ. ધનલક્ષ્મીબેન નાગડાએ શંખેશ્વરથી પાલીતાણા છરી પાલક સંઘમાં સુખરૂપ યાત્રા કરી તે નિમિતે પાર્શ્વનાથ મંડળના પ્રકાશચંદ્ર ભંડારીએ તેમનું બહુમાન કરી શુભ કામના આપેલ અને ભવિષ્યમાં આવી યાત્રાઓનો લાભ લેતા રહે એવી ભાવના વ્યક્ત કરી હતી. શ્રીમતી ધનલક્ષ્મીબેનની યાત્રા નિમિતે અત્રે મહાકાલીની ભાવના તેમના ઘરે રાખી હતી. ધનલક્ષ્મીબેન હાલ એકલા રહે છે અને ધર્મ પ્રત્યે સારી રૂચિ ધરાવે છે. તેમના સુપુત્ર તથા વહુ હાલ અમેરિકામાં ઈન્ફોસીસ કંપનીમાં કાર્યરત છે.

**શ્રી મહિલા હિતવર્ધક મંડળ હુબલી**

શ્રી હુબલી મહિલા હિતવર્ધક મંડળની મિટીંગ ૧૪ જાન્યુઆરી ૨૦૧૫નાં સૌ. ચેતના શરદ મોમાયાના જન્મદિવસ નિમિત્તે એમના 'ઘરે ટેરેસ પાર્ટી' નું આયોજન તેમના દ્વારા કરવામા આવેલ. એ દિવસે મકર સંક્રાંતિ હોવાથી બધાને મહારાષ્ટ્રીયન પહેરવેશ પરિધાન કરવાનું હતું. ઉજવણીની શરૂઆત પ્રવેશ-દ્વારમા હલ્દી-કુંકુથી કરવામા આવી. ત્યારબાદ સહુને અત્તર લગાડી ગુલાબજલ છાંટી વાતાવરણ ખુશ્નુમા કરી તીલગુડથી સર્વેનું મોં મીઠું કરવામા આવ્યું તેમના તરફથી સર્વેને તીળગુળ ઘ્યા આણી ગોડગોડ બોલા' એમ શુભેચ્છા આપીને સ્વાગત કરવામા આવ્યું.

મીટીંગની શરુઆતમાં સૌ. નીકીતા બીજોય મોમાયાએ મરાઠી ગણેશ સ્તુતિના રાગ ઉપર નવકાર મંત્રની રજુઆત કરેલ.

મંડળના પ્રમુખ સૌ. દિપીકા કમલેશ ખોનાએ વેલકમ સ્પીચ આપેલ અને સાથે મકર-સંક્રાંતીનું મહત્વ


Form IV

(See rule 8)

Statement about ownership and other particulars about CDO PRAKASH SAMIKSHA.

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | C/o. Raichand R.Nagda, 13 A, 29/41,Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 2. Periodicity of publication | : | Weekly |
| 3. Printer's Name | : | Smt. Damayanti Dashrath Rajbhar Partner, The New Millenium Printers |
| Nationallty | : | Indian |
| Address | : | The New Millenium Printers, 314, Mathurdas Mill Compound, N.M.Joshi Marg, Lower Parel, Mumbai - 400 013 |
| 4. Publisher's Name | : | Raichand R.Nagda. |
| Nationality | : | Indian |
| Address | : | 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 5. Editor's Name | : | Raichand R.Nagda. |
| Nationality | : | Indian |
| Address | : | 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 6. Name & Address of Owner | : | C.D.O.PRAKASH SAMIKSHA SAMITI C/o. Raichand R.Nagda,13-A, 29/41,Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |

I, Raichand R.Nagda, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date : 09-03-2015

sd/-

Raichand R.Nagda.

Signature of Publisher

પણ સમજાવેલ સૌ. કોમલ અભિષેક કુરૂવાએ સુંદર શૈલીમા મરાઠી લાવણી પ્રસ્તુત કરેલ હતી.

સભ્ય બહેનો દ્વારા મરાઠીમાં ઉખાણાં પૂછાયાં ત્યારબાદ સૌ. ગીતા છેડા, આરતી ખોના, નીકીતા મોમાયા અને શીલા ખોનાએ મરાઠી ગીતો ગાઇ સંભળાવ્યા હતા.

સૌ. ચેતના નરેન્દ્ર મોમાયા અને સૌ. ડીમ્પલ ઉદય કુરૂવાએ ઓન ધ સ્પૉટ (શીઘ્ર) કવિતા રચનાઓ રજુ કરી હતી.

ડૉ.મધુબાલા મણીકાંત લોડાયાએ સ્વરચિત મરાઠી કવિતા સંભળાવી.

ત્યારબાદ વિવિધ ગ્રુપગેમ, મરાઠી સ્ત્રીના શૃંગાર ઉપર હાઉઝી ગેમ વિગેરે વિવિધ રમતો, દિવ્યા શરદ મોમાયાએ રમાડેલ.

સંપૂર્ણ વાતાવરણ મહારાષ્ટ્રીયન બન્યું હતું. મહારાષ્ટ્રીયન પહેરવેશ માં શ્રેષ્ઠ વસ્ત્ર પરિધાન પ્રતિયોગીતામાં સૌ. રેશ્મા સિદ્ધાર્થ મૈશેરી વિજયી થયા હતા.

આભારવિધી સૌ. હેતલ હીરેન છેડાએ કરી. ત્યારબાદ સહુએ વિવિધ વ્યંજનોની લિજ્જત સાથે ''ટેરેસ પાટી''ની મજા માણી.

યજમાન તરફથી બધાને છેલ્લો રીટર્ન ગીફ્ટ આપવામાં આવેલ.

કાર્યક્રમનું સંપુર્ણ આયોજન તેમજ સ્પોનશરશીપ સૌ. ચેતના શરદ મોમાયા એ કરેલ.

**'જૈનપ્રકાશ' નો શતાબ્દી મહોત્સવ સંપન્ન**

સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ ઍન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર આયોજિત, અ.ભા.શ્વે.સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ મુંબઈના મુખપત્ર 'જૈનપ્રકાશ'ના શતાબ્દી પ્રસંગે બૃહદ્ મુંબઈ સ્થા. જૈન મહાસંઘે પ્રેરિત જૈન સાહિત્ય જ્ઞાનસત્ર -૧૨ સંપન્ન થયું.

ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખસ્થાને યોજાયેલા આ જ્ઞાનસત્રની શરૂઆત તપસ્વી પૂ. રાજેમતીબાઈ મ.સ.ની મંગલાચરણથી થઈ હતી. મહાસંઘના પ્રમુખ અને કૉફરંસના ટ્રસ્ટી પ્રાણલાલ શેઠે આ સો વર્ષ જૂની સંસ્થા અને 'જૈનપ્રકાશ'ની વિગતો કહી હતી. તેમણે સાહોત્કારોને સંબોધતાં કહ્યું હતું કે નવા જમાનાના ઋષિમુનિઓ છો ! સમાજનને ન્યાય, નીતિ, ચારિત્ર્ય અને દેશભાવના સુદ્દઢ કરવા દોરી શકો એટલા તાકાતવાન છો.

જ્ઞાનસત્રના સંયોજક ગુણવંત બરવાળિયાએ સેન્ટરની જૈનશ્રુત સંશોધની પ્રવૃત્તિનો ચિતાર આપ્યો હતો. ત્યારપછી બરવાળિયા સંપાદિત ભારતીય સંસ્કૃતિમાં ગુરુ મહિમા ગ્રંથનું જ્ઞાનધારાનું વિમોચન અલૌકિક ઉપલબ્ધિનું વિમોચન થયું.

કૉન્ફરંસના હોદ્દેદારો દ્વારા આ પ્રસંગે જૈનપ્રકાશના પૂર્વ તંત્રીઓ અને વર્તમાન સંપાદક અને તંત્રીઓનું સન્માન કરવામાં આવ્યું. સન્માનનો પ્રત્યુતર મણીલાલ ગાલાએ આપ્યો હતો. પ્રમુખસ્થાનેથી ડૉ.કુમારપાળ દેસાઈએ જૈનપ્રકાશના સંદર્ભે સાંપ્રત જૈન પત્રકારત્વનું મહત્ત્વ અને પડકારો પર પ્રવચન આપ્યું હતું.

ગુરુમહિમા બેઠકના અધ્યક્ષ ડૉ. નિરંજન રાજ્યગુરુએ સંત સાહિત્યમાં ગુરુમહિમા વિશે વાત કરવા સાથે મધુરકંઠે ગુરુમહિમાની ભજન રચનાઓ પ્રસ્તુત કરી હતી. સંચાલન ડૉ.નાથાલાલ ગોહિલ તથા ડૉ.અભય દોશીએ કર્યુંહતું. ડૉ. નાથાલાલ ગોહિલે ભારતની વિવિધ પરંપરાઓમાં ગુરુમહિમાની વિશદ્ છણાવટ કરી હતી. આ બેઠકમાં ડૉ. પ્રવિણભાઈ શાહ, ડૉ. કોકિલા શાહ, ડૉ. રેણુકા પોરવાલ, ડૉ. છાયાબેન શાહ, ડૉ.બાનુબહેન સત્રા, બકુલ ગાંધી, ડૉ.દીક્ષા સાવલા, રેશમા પટેલ, રશ્મિ ભેદા, કનુભાઈ શાહ, ડૉ. સુરેશ ગાલા, ડૉ. નલિની દેસાઈ, ડૉ. પ્રીતિ શાહ, ડૉ. ફાલ્ગુની શાહ વગેરે વિદ્વાનોએ પેપર પ્રસ્તુત કર્યા હતા. ઝવેરચંદ મેઘાણી સેન્ટર રાજકોટના ડૉ. અંબાદાન રોહડિયાએ ચારણી સાહિત્ય અને લોકસાહિત્યમાં ગુરુમહિમા પર ચિંતનસભર પ્રવચન આપ્યું હતું.

બીજી બેઠક પ્રબુધ્ધ જીવનનાતંત્રી ડૉ. ધનવંતભાઈ શાહના અધ્યક્ષસ્થાને મળી હતી. ડૉ. ધનવંતભાઈએ શ્રીમદ્‌ની આત્મસિદ્ધિશાસ્ત્રની વિચારસૃષ્ટિ વિશે વિશદ્ છણઅવટ કરી હતી. આ બેઠકમાં જૈનદર્શનના, ઉચ્ચ કોટીના ગ્રંથો અને

તેના સર્જકોની વિચારસૃષ્ટિ અંગે હિંમતભાઈ ગાંધી, ડૉ. પાર્વતીબહેન ખીરાણી, ડૉ. કેતકી શાહ, ડૉ. પ્રવીણ શાહ, રમેશ ગાંધી, ધનલક્ષ્મીબહેન બદાણી, ડૉ. ઉત્પલા મોદી, ડૉ. ગુલાબ દેઢિયા, જિતેન્દ્ર કામદાર વિ. વિદ્વાનોએ પેપર પ્રસ્તુત કર્યા હતા. પંકજ જૈન વીરચંદ રાઘવજી ગાંધી વિશે પોતાના સંશોધનો રજૂ કર્યા હતા. સમાપનમાં પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ અભ્યાસપૂર્ણ શોધપત્રો રજૂ કરવા બદલ વિદ્વાનોને અભિનંદન આપ્યા હતા. સત્રમાં ભારતભરના વિવિધ ક્ષેત્રોમાં ૪૭ વોદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન ડૉ. ગુલાબ દેઢિયાએ કર્યું હતું.

## શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સાધુ-સાધ્વીઓ મોબાઈલ રાખી શકશે ?

આગામી ૨૦ થી ૨૯ માર્ચ દરમ્યાન ઈંદોરમાં લગભગ ૨૮ વર્ષ પછી યોજાનારા સ્થાનકવાસી જૈન સાધુ-સાધ્વીઓના મહાકુંભમાં સમય અને પરિસ્થિતિઓના આધાર પર સંતોની આચારસંહિતામાં અનેક સંશોધન પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે અને આ જો પાસ થઈ ગયા તો શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સાધિ-સાધ્વીઓને મોબાઈલ, ઈન્ટરનેટ અને લેપટોપનો ઉપયોગ લરવાનો માર્ગ મોકળો થશે.

આ મહાકુંભમાં ૬૦૦ થી વધુ સાધુ-સાધ્વીઓ ચર્ચા કરીને અંતિમ નિર્ણય લેશે એમ જાણવા મળે છે. ગરમ પ્રદેશોમાં વિહાર દરમિયાન દ્વારા કપડાના પગરખાના ઉપયોગ પર પણ ચર્ચા થશે. આ પ્રસંગે ઉપાચાર્ય અને યવાચાર્યના નામની ઘોષણા થશે જે ભવિષ્યમાં સમાજની રીતિ-નીતિ નક્કી કરશે. શ્વેતાંબર સંમેલન પુણેમાં થયું હતું. હાલ દેશભરમાં ૩૦ લાખથી વધુ શ્વેતાંબર સ્થાનકવાસીજૈન છે. ઈંદોરના મહાકુંભમાં બે લાખ લોકો એકઠા થશે અને આ માટે મુંબઈ, દિલ્હી, લુધિયાણા, મેંગલોર અને ચેન્નઈથી પાંચ સ્પેશિયલ ટ્રેનો કરવામાં આવી છે.

નવો નિર્ણય શ્વેતાંબર સ્થાનકવાસી શ્રમણ સંઘમાં ૧૩૦૦ સાધુ-સાધ્વીઓ પર લાગુ થશે જેમાં ૯૫૦ સાધ્વિઓ અને ૩૫૦ સાધુઓ છે. હાલમાં બીમાર હોય એવા સાધુ-સાધ્વીઓ જ વ્હીલચેર સિવાય બીજા કોઈ વાહનોનો ઉપયોગ કરી શકતાં નથી.

આ સંદર્ભમાં એવું જાણવા મળે છેકે મહાવીરનાં પંચ મહાવ્રત પાલનમાં બદલાવ કરી શકાય નહીં, પરંતુ સંયમ જીવનની ક્રિયાઓમાં દેશ-કાળ, પરિસ્થિતિઓ અનુસાર બદલાવ કરી શકાય છે એવું સમાજના મોટા ભાગના વર્ગનું માનવું હોઈ ૨૮ વર્ષ પછી સાધુ-સાધ્વીઓની આચારસંહિતામાં બદલાવ થવાના એંધાણા વર્તાઈ રહ્યા છે.

**પ્રથમ પુણ્યતિથિ**



જન્મ : તા. ૧૫.૦૬.૧૯૫૭ — અરિહંત શરણ : તા. ૧૩ - ૦૩ -૨૦૧૪

## શ્રી ભરત લાલજી લોડાયા

(ગઢગ - કચ્છ કોઠારા)

જીવન એવું જીવી ગયો, જે કદી ભૂલાય નહી.
વિદાય એવી લીધી, જે કદી વિસરાય નહી.
યાદ આવશે તારો મસ્ત-મોજીલો સ્વભાવ
હવે કેમ સહેવાસે, તારા વિરહનો ઘાવ
સ્મૃતિઓમાં રહેશે સદાય, તારા મધુર સંભારણા
તારો દિવ્યાત્મા પામે, પરમ શાંતિને મોક્ષ: ધામ

### ✤ શ્રધ્ધાસુમન આપનાર ✤

| | |
|---|---|
| ધર્મપત્ની | : શ્રીમતી નીતા ભરત લોડાયા |
| પુત્ર - પુત્રવધુ | : શ્રીમતી મેઘા અતીત ભરત લોડાયા |
| માતા - પિતા | : સ્વ. ધનભાઈ લાલજી માણેકજી લોડાયા |
| ભાઈ - ભાભી | : સૌ. દમયંતીબેન ચંદ્રકાંત લાલજી લોડાયા |
| ભાઈ - ભાભી | : સૌ. જયશ્રી દિલીપ લાલજી લોડાયા |
| બહેન બનેવી | : પુર્વી પિનાકીન જેઠાભાઈ છેડા |
| સાસુ - સસરા | : મધુબેન ગોવિંદજી રાઘવજી મોમાયા (તિરપુર) |
| સાળી - સાઢુભાઈ | : રશ્મિબેન જવેર મુલજી લાલકા (હૈદ્રાબાદ) |

## સખી વૃંદ-પુના

સખી વૃંદ પુનાની મિટીંગ તા. ૧૪ ફેબ્રુઆરીના ચાંદની લોડાયાના ઘરે યોજાઈ. એમણે ઈટાલીયનઆર્ટ sospeso art નો વિષય પસંદ કરેલ. વેલેન્ટાઈ ડે નિમિત્તે સર્વે સભ્યો લાલ ડ્રેસમાં આવ્યા હતા.ચાંદનીએ સર્વેને હૃદય આકારની ચોકલેટ તથા ગુલાબનું ફૂલ આપીને સ્વાગત કર્યું. એમણે sospeso art નું ક્રમાનુસાર અને વિગતવાર પ્રત્યક્ષીકરણ કર્યું. જેમાં વપરાતી સાધન સામગ્રીની પૂરી માહિતી આપી. આ આર્ટમાં ફ્લોરલશીપ, ટ્રાન્સપરન્સી શીટ, એમ્બોસિંગ શીટ, એમ્બોસિંગ માટે વપરાતું એક સાધન, ફેવીકોલ એસએચ, ગ્લુગમ, કાતર તેમજ પ્લાસ્ટીક શીટને ગરમ કરવા ટીલાઈટની જરૂર પડે છે. આનો ઉપયોગ કરી ફૂલ પાંદડીની ડિઝાઈન બનાવી ૩ ડી ડીઝાઈન પણ શીખવાડી.

આ બધું તૈયાર થયા બાદ એને ક્યાં અને કેવી રીતે ચોંટાડીને કઈ ચીજ શણગારવી એની પૂરી સમજણ એમણે આપી. આ ઉપરાંત ફોટોફ્રેમ, મીણબતીનું સ્ટેન્ડ તથા ગ્લાસ પર સુશોભન કરી બતાવ્યું. ચાંદનીએ પૂર્ણ મિટિંગનું સંચાલન વ્યવસ્થિત અને રસપૂર્વક કર્યું. સર્વે બહેનોને આ આર્ટથી બનાવેલી હેરપીન ભેટ આપી.

જાન્યુઆરીની મીટીંગમાં લેવાયેલ વિવિધા ૩ ના જ્ઞાન કસોટીના વિજેતા, ગ્રુપ ૧ ના હીનાબેન રતાણી, ભાવના શિયાળ તથા ગ્રુપ ૨ ના હીનાબેન શાહ, નીતાબેન દંડને ઈનામ અપાયા. વિવિધા શ્રેણીના ચોથા મણકામાં રમુજી ટુચકા સ્પર્ધા (જોક્સ હરીફાઈ) યોજાઈ.

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા.૨૭.૦૩.૧૫ને શુક્રવારના સવારના ૧૧.૦૦ વાગ્યા થી ૨.૦૦ દરમ્યાન પરબ શક્તિ સંજીવની સોસાયટીની ક્લિનીક, શ્રી અનંતનાથ કોમ્પલેક્સ (જૈન કોમ્પલેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ (ઈસ્ટ)માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ, મોબાઈલ નં : ૯૬૧૯૨૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશનના રૂ.૫૦/- ત્યાં આવીને ભરાવાના રહેશે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૨૩.૦૩.૧૫ ત્યારપછી નામ લેવામાં આવશે નહીં.

ખાસ નોંધ : હાડકાંના દર્દીઓના ફક્ત કાંજુરમાર્ગ આવવું. ચેમ્બુર ખાતે દર્દીઓને બિલકુલ લેવામાં નહીં આવે એ વાતનું ધ્યાન રાખવું.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ શનિવાર તા.૨૮.૦૩.૧૫ સવારના ૧૧.૦૦ વાગ્યાથી સાંજના ૪.૦૦ સુધી તથા રવિવાર તા.૨૯.૦૩.૧૫ના સવારના ૯.૦૦ વાગ્યાથી બપોરના ૨.૦૦ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂ.૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક
શ્રીમતી શ્વેતા મિતેશ શાહ
મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન
કરાવવું જરૂરી છે.


।। તીર્થાધિપતી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામીને નમઃ।।

***શ્રી શંખેશ્વર લોડાયા કલ્યાણ શ્વેતાંબર જૈન તીર્થ ટ્રસ્ટ*** સંચાલિત

**નવનીમર્તીત ‘મઠુબાપા ભવન’**

તા. ૧૩-૧૨-૨૦૧૪ શનિવાર અને ૧૪-૧૨-૨૦૧૪ રવિવારના સમાજ અર્પણ - ઉદ્‌ઘાટન સાથે પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા. અને વિશાળ શ્રમણ, શ્રમણી સંઘની નિશ્રામાં અદ્વિતીય એવી પોષ દશમી અઠ્ઠમ તપની આરાધના - ૯૦૦ થી વધારે આરાધકોએ પૌષધ સાથે કરી અને આ સાથે ધર્મશાળાની શુભ શરૂઆત થઈ.

૮૯ રૂમની અદ્યતન સગવડ સાથેની ધર્મશાળામાં બાકી રહેલા કામ ચાલુ હતા. જે પુરા થવાની તૈયારીમાં છે. શરૂઆતના દિવસોમાં વ્યવસ્થાઓમાં થોડીક અધુરાશ હતી જે સંસ્થાના ટ્રસ્ટીઓએ જાત દેખરેખથી પુરી કરાવેલ છે. પધારેલ યાત્રિકોને આ કારણે ક્યાં પણ અગવડ પડી હોય તો ટ્રસ્ટ મંડળ વતી મિચ્છામી દુક્કડમ.

**ધર્મ શાળાની બુકીંગ શરૂ છે.**

**બુકીંગ માટે : મુંબઈ ઑફિસ :**

**આર્ય જય કલ્યાણ કેન્દ્ર**, ૧૦૩, મેઘરત્ન, જીરાવલ્લા દેરાસર સામે, ઘાટકોપર, મુંબઈ.

ફોન : 2501 1788 નીતીનભાઈ - 98929 50814 • **ગ્રુપ બુકીંગ માટે** : કાન્તીલાલ ગડા - 99876 42200

**શંખેશ્વર બુકીંગ** : નવીનભાઈ : 97279 97413

શંખેશ્વર એડ્રેસ : મઠુબાપા ભવન, મુખ્ય દેરાસરથી બે મિનીટ, કે.પી. સંઘવી ધર્મશાળાની પાછળ

**‘મઠુબાપા ભવન’ શંખેશ્વર માટે**

સુપરવાઈઝર/ મેનેજર- ફુલ ટાઈમ, રહેવાની સગવડ આપવામાં આવશે.

(અરજી મુંબઈ ઑફિસ પર કરવી)

લી. કાન્તી ગડા - 99876 42200 કેશવજી માણેક ગડા - 98202 29941

તા. ૭-૨-૧૫ થી ધર્મશાળામાં રૂમો આપવાનું શરૂ કરેલ છે.

# શ્રીમાન રાયચંદ હંસરાજને શ્રદ્ધાંજલિ

હોપ-૧૦૦૦ માં બનાવવા છે ઘર એક હજારને એક,
શ્રીમાન રાયચંદભાઇ હતા લાખોમાં એક.
જોડાયા શુરૂઆતથી આ ભગીરથ કાર્યમાં ખંતથી,
તન-મન-ધનથી આપી સેવા અંતરથી.

નામથી તેઓ હતા 'રાય' એટલે રાજા,
પ્રમાણિકતાથી ધંધો કરવામાં એમને આવતી મજા.

ચડતી, પડતી, ચડતી તેઓએ જોઇ અને માણી,
શાંત ચિત્તે ધન ધર્મમાં વાપરી એમની કમાણી.

ફરવાનો એમને ખુબજ શોખ,
જણવાની અને સમજવાની ખુબજ ભૂખ
જન્મથી તો તેઓ જૈન હતા,
પણ કર્મથી પણ તેઓ જૈન હતા.

આપવાની કલામાં તેઓ હતા ધનવીર,
આત્મ ચિંતનમાં તેઓ માનતા હતા મહાવીર.

સદા મગનમાં રહેતા, સત્ય વચન કહેતા,
પ્રેમથી બનતી મદ્દદ કરતા અને અહિંસાનું આચરણ કરતા.

ધન્ય છે એમનું જીવન, જેમાં જાણ્યું
ફક્ત આપવું, આપવું અને આપવું.



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ

નવા રચાયેલા ટ્રસ્ટ બોર્ડ તાજેતરમાં પાંજરાપોળનો વહીવટ અને સંચાલન માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવી છે. શ્રી મહેન્દ્ર દેવજી ખોનાને મેનેજીંગ ટ્રસ્ટી નિયુક્ત કરેલ છે. સ્થાનિકે શ્રી નવીનચંદ માલસી નાગડા માનદ હિસાબનીસ તરીકે સેવા આપી રહ્યા છે.

ગાંધીધામમાં શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા (મો નં. 98253 51001) ખૂબ જ સક્રિય રીતે ટ્રસ્ટીઓ શ્રી નવીનચંદ વેલજી સોની (મો. 93282 31961) અને શ્રી ભીખાલાલ જવેરચંદ શીયાલ (મો.997928 62365) ના સહયોગ માં ચારો તથા ફાળો એકત્ર કરી રહ્યા છે. સ્થાનિક જખૌ મધ્યે ટ્રસ્ટીઓ ૧) શ્રી અશોક ગોવિંદજી મૈશેરી તથા ૨) શ્રીમતી અમિતા તલકચંદ મોમાયા દૈનિક વ્યવસ્થા પર દેખરેખ રાખી રહ્યા છે.

દુષ્કાળના કારણે ઘાસચારાના - પાણીની ઉપલબ્ધિ ખૂબ જ વિક્ટ છે. ૧૧૮ ઢોરોના નિભાવનો દૈનિક ખર્ચ ૧૦,૦૦૦/- થી વધારે છે. ચારાના ભાવ ખૂબ મોંઘા અને હજુ વધવા સંભવ છે. સખી દીલ દાતાઓને ઉદારતાપૂર્વક દાન આપવા વિનંતી છે જેથીહાલના કપરા સમયમાં અબોલ પશુઓનો નિભાવ સુલભ થઈ શકે. દાન માટે મુંબઈમાં ટ્રસ્ટીઓ ૧) શ્રી મહેન્દ્ર દેવજી ખોના (મો.9323917075), ૨) શ્રી કિશોર ખીમજી ખોના (કાયાણી) (મો.9920195551) ૩) શ્રી ભરત મુલજી મૈશેરી (મો. 9820058048)નો સંપર્ક કરવા વિનંતી છે. ઉપરાંત શ્રી અરીહંત કો.ઑપ.બૅક લી.ની ચીંચબંદર બ્રાંચ, મુંબઈમાં પાંજરાપોળના S.B.ખાતા નં. 0040010000558 માં ૧) RTGS/NEFT, IFS Code ICIC00ARIHT દ્વારા ૨) મોબાઈલ બેંકીગ દ્વારા મો.નં. 9322917075, MMID 8359774, મારફત ડાયરેક્ટ મોકલી શકાય છે. જખૌ મધ્યે પાંજરાપોળના કાર્યાલય ખાતે પણ રોકડ, ચેક, ડ્રાફ્ટ, દ્વારા દાન મોકલી શકાય છે. દાનવીરોનો અપેક્ષિત સહયોગ બદલ આભાર.

તા.ક. જે કાર્યકરો પાસે પાંજરા પોળની રસીદ બુક છે. તેમણે મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મહેન્દ્ર દેવજી ખોના નો સંપર્ક કરવા વિનંતી છે.

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪.૧૨.૧૪ | બેંગલોર | આશીષ કૈલાશચંદ્ર જોશી | ખંડવા | ૩૨ |
| | બેંગલોર | હર્ષા કાંતીલાલ લોડાયા | કોઠારા | ૩૦ |
| ૧૦.૦૨.૧૫ | અમદાવાદ | જશ્મીન રમેશ રતીલાલ શાહ | મગોડી | ૩૨ |
| | અમદાવાદ | છાયા જયેશ ભવાનજી નાગડા | નલીયા | ૨૯ |
| ૧૫.૦૨.૧૫ | મુલુંડ | ગુંજન પિયુષ નવિનચંદ્ર મોતા | રાયધણજર | ૨૬ |
| | મુલુંડ | ઉર્મી સમીરકુમાર હળદર | કલકત્તા | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૦૩.૧૫ | ઘાટકોપર | સુંદરબાઈ જવેરચંદ છેડા | તેરા | ૮૦ |
| ૦૯.૦૩.૧૫ | મુલુંડ | ભચીબાઈ ગંગાજર લોડાયા | સાંયરા | - |
| ૧૦.૦૩.૧૫ | કારંજા | બકીંમચંદ્ર કુંવરજી લોડાયા | તેરા | ૭૫ |

શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ નમઃ

## શ્રી સોનથરી ગ્રુપ તથા શ્રી સોનથરી લેડીંગ વિંગ આયોજીત સહેલ યાત્રા (Picnic)

સ્થળ : નારાયણી ધામ - લોનાવલા પાસે તારીખ દિવસ : ૦૯.૦૫.૧૫ તથા ૧૦.૦૫.૧૫ શનિ-રવિ

પ્રવાસ ખર્ચ : રૂ.૧૨૦૦/- (અંકે રૂપિયા બારસો પુરા) વ્યક્તિ દીઠ પ્રવાસ બસ દ્વારા

બસ ઉપડવાનું સ્થળ-સમય : શ્રી વાસુ પુજ્ય જૈન દેરાસર, ઝવેર રોડ, મુલુંડ (પશ્ચિમ) શનિવાર

તા.૦૯.૦૫.૨૦૧૫ સવારના ૭.૦૦ વાગે,

નામ લખાવવાની છેલ્લી તારીખ - રવિવાર તા.૨૯.૦૩.૨૦૧૫

નોંધ - સુથરી ગામની નિયાણી બહેનોને પણ આમંત્રણ છે.

નામ નીચે મુજબ વ્યક્તિઓનો સંપર્ક કરી લખાવવા વિનંતિ.

**શ્રી કીરીટ ઉમરશી છેડા** (મસ્જીદ બંદર) 98210 49372 **શ્રીમતી નયનાબેન ચેતન મોમાયા (ઘાટકોપર)** 98701 70710

**શ્રી મહેશ લક્ષ્મીચંદ લોડાયા (ભાંડુપ)** 98696 12369 **શ્રી ડોલર પ્રતાપ શાહ (લોડાયા) (મુલુંડ)** 98335 31995

**શ્રી કીર્તીભાઈ પદમશી લોડાયા** (મુલુંડ)- 98331 52695 **શ્રી નિતીન રાયચંદ સાયલા (ડોંબિવલી)** 98210 32242

**શ્રી રમેશ હિરજી લોડાયા** - 98920 03940 **શ્રી કાર્તિક કુંવરજી દંડ** - 98213 36833

**શ્રી અશોક વેરસી મોતા (પશ્ચિમ પરાંઓ)** - 98200 46408

ખાસ નોંધ - વૈશાખ સુદ ૮ તા.૨૬.૦૪.૨૦૧૫ના રોજ શ્રી સુથરી જૈન તિર્થે શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ જીનાલયની ૧૭૬મી ધ્વજા પ્રસંગે સર્વે સુથરીવાસીઓ અને નિયાણી બહેનોને પધારવા હાર્દિક આમંત્રણ છે. પાણીની અછતના કારણે સાદાઈથી ધ્વજા પ્રસંગ ઉજવાશે. આવતા વર્ષે સંપૂર્ણ વિધિવત ધ્વજામહોત્સવનું આયોજન કરવામાં આવશે, જેની સર્વે નોંધ લેશોજી.

### મુંબઈ મહાજનશ્રી દ્વારા યોજાયેલ શિબિર "સ્વયં સ્વસ્થ બનો" ની તસ્વીરો








## નવા/બદલાયેલા સરનામા- (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હીનાબેન મધુકાંત લોડાયા** | સી-૨૦૨, ૨જે માળે, શ્રી અનંતનાથજી કોમ્પલેક્સ ડબ્બા ફેક્ટરીની નજીક, નેહરૂ નગર, કાંજુર માર્ગ (પૂ) - ૪૦૦ ૦૪૨ |
| **ધનપતી ભવાનજી લોડાયા** | ૭૦૩, હોરીઝોન ફ્લોરા, કસ્તુરબા ક્રોસ રોડ, થાણે જનતા સહકારી બેંકની નજીક, મુંલુંડ (પ) - ૪૦૦ ૦૮૦ |
| **આરતી નિર્મલ દંડ/મેહુલ નિર્મલ દંડ** | ઓમ વર્સુ અપાર્ટમેન્ટ, રૂમ નં.૧૩, ૨જે માળે, શાંતિ નગર વાઘલે એસ્ટેટ, થાણે - ૪૦૦ ૬૦૪ |
| **સિધ્ધાર્થ અશોક ખોના** | ફ્લેટ નં.૨૦૫, યુનિવર્થ પર્લ અપાર્ટમેન્ટ, ૨ ક્રોસ રોડ, અમૃતથાહલ્લી પોલીસ સ્ટેશનની નજીક, અમૃથ નગર મૈન રોડ, બેગલોર - ૫૬૦ ૦૯૨ |
| **જયંતીલાલ કે.લોડાયા (શાહ)** | બી-૨, શુભમ વિલા, કોલેજ રોડ, શ્રી કૉલોની, જાલના-૪૩૧૨૦૩ |
| **મણીલાલ જેઠાભાઈ સોની** | બિલ્ડીંગ નં.૨૦, એ-વિંગ, જય પુષ્પમ મિલન હા.સો.,જે.પી.એમ.સોસાયટી,સંત રામદાસ રોડ, મુલુંડ (પૂ) - ૪૦૦ ૦૮૧ |
| **રંજનબેન નારાયણજી સોની** | ડી-૨૦૩, મયુરેશ સૃષ્ટિ કો.ઓપ.હા.સો., બિલ્ડીંગ નં.૧, એસિયન પેંટસની સામે, એલ.બી.એસ માર્ગ, ભાંડુપ (પ) - ૪૦૦ ૦૭૮ |
| **મુલચંદ ખોના** | ૬૦૨, ભાનુ કુંજ, તેજપાલ રોડ, વિલે પાર્લે (પૂર્વ) - ૪૦૦ ૦૫૭ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **કલ્પના લોડાયા** | **09757296384** | **હેતલ લોડાયા** | **09029255378** |
| **ધનપતિ લોડાયા** | **09821073675/022-25673675** | | |
| **આરતી નિર્મલ દંડ** | **09820367910/09022672433** | | |

## જીવનચક્ર

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૦૩.૧૫ | મુલુંડ | રિશી ગુલાબ કલ્યાણજી મૈશેરી | માંડવી | ૩૦ |
| | અંધેરી | સૌમ્યા તિલક આણંદજી ખોના | જખૌ | ૨૭ |
| ૧૦.૦૩.૧૫ | ડોંબિવલી | વિવેક પરેશ મુનવર (જીવાણી) | જખૌ | ૨૨ |
| | ઘાટકોપર | નેહા મહેન્દ્ર ખોના | તેરા | ૨૧ |

### આતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૦૧.૧૫ | ગાંધીધામ | પરિન અરવિંદ લાલજી લોડાયા | વારાપધર | ૨૪ |
| | ગાંધીધામ | કોમલ મનોજ ગુલાબચંદ શર્મા | ગાંધીધામ | ૨૪ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૧.૧૫ | કોચીન | વૈભવ જવેરીલાલ શાહ | માંડવી | ૨૫ |
| | હૈદ્રાબાદ | ક્રીના વિજયકુમાર વિરચંદ લોડાયા | બાંઢીયા | ૨૫ |

# સર્વોદયનો આદર્શ બની સ્મૃતિમાં વસો



## શ્રેષ્ઠીવર્ય શ્રી રાયચંદ હંસરાજ ધરમશી

### સુથરી : વરલી

### અરિહંતશરણ તા. ૩/૩/૨૦૧૫

આપ આત્મીય સ્વજન સર્વોદયનો આદર્શ મૂર્તિમંત

ધર્મ સહિત જીવન અનોખા આપ ગુણવંત

અરિહંત શરણે પામો આનંદ અનંત

પ્રેરણા આપતી રહેશે આપની સ્મૃતિ જીવંત

**શ્રી.ક.દ.ઓ જૈન સર્વોદય મંડળ - મુલુંડ**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## દંડ તથા લોડાયા પરિવારનું ગૌરવ



**ચિ. પ્રતિક હરિશ દંડ**
ભરૂડિયા - ડોંબિવલી

MCA (Master of Computer Applications),
Mumbai University માં Aggregate 68.22% મેળવી
ઉત્તીર્ણ થયા બદલ હાર્દિક અભિનંદન...
ભવિષ્યમાં વધુને વધુ સફળતા મેળવે
એવી હાર્દિક શુભકામના સહ...

દાદી-દાદા : માતુશ્રી કંચનબેન વીરચંદ દંડ (ભરૂડિયા)
નાની-નાના: માતુશ્રી જયાબેન વિસનજી લોડાયા (મોટી ખાવડી)
માતા-પિતા : અ.સૌ. મધુલા હરિશ દંડ (ભરૂડિયા)
બેન-બનેવી: અ.સૌ. દિપ્તી અમિત માલદે (દલતુંગી)
અ.સૌ. ધરતી મિતેશ ધરમશી (પાલિતાણા-ભરૂડિયા)
ભાણેજ : કુ. હેતવી અમિત માલદે

## લગ્ન સંબંધી

**ડૉ.તેજશ શાહ**

શ્રીમતી નમ્રતા અને શ્રી દીપક શાહના સુપુત્ર,
એમ.બી.બી.એસ. હાલ મહારાષ્ટ્રમાં કામ કરે છે.
જન્મ તા. ૦૨.૦૩.૧૯૮૬ સમય સવારે : ૭.૫૬ કલાકે, ધમતરી

- જાન્યુઆરી ૧૯૯૧માં રાષ્ટ્રીય બહાદુરી એવોર્ડ વિજેતા
- શ્રી ઉમરશી હંસરાજ શાહ (શિયાડ) (જખૌ-ધમતરી)ના પ્રપૌત્ર
- ખુશાલ રતીલાલ સોનીના ભાણેજ

સંપર્ક : ભુપેન્દ્ર શાહ મો.: 09425212449
રાજુલ ભુપેન્દ્ર શાહ મો.: 08871316543
ઘરનો ફોન નં.: 07722233514
ખુશાલ સોની.: 0994555849 (બેંગલોર)

## સ્નેહાંજલિ



**રાયચંદ હંસરાજ ધરમશી**
સ્વ. તા. ૦૩.૦૩.૨૦૧૫
સદાયે ધર્મ અને સિધ્ધાંતની રાહે ચાલનારા
ભૂલશું નહીં તમને કદિ, સ્વજન વડીલ અમારા
લિ.
ઉમેશ લધુભાઈ દંડ, સાંધવ-ઘાટકોપર
લોપા હિમાંશુ નાગડા, જખૌ-વિક્રોલી

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,